*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056

**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૬





## "મારી ચૈતન્યવસ્તુ મને સતત સુલભ છે"

મુમુક્ષુને સ્વાનુભૂતિપ્રેરક એવો એક સુંદર ન્યાય ગુરુદેવ ઘણા ભાવથી વારંવાર કહે છે કે–ચૈતન્યવસ્તુ ધર્મીજીવોને સતત સુલભ છે; કેમકે અંતરમાં સત્ છે, તેનો સ્વીકાર કર્યો ત્યાં તે સુલભ છે. 'આવો જ હું છું' એમ પોતે પોતાને જાણીને શુદ્ધઆત્માને શ્રદ્ધામાં લીધો ત્યાં તે પોતાને સતત સુલભ છે, પોતે પોતાને સદા પ્રત્યક્ષ છે. કાંઈ નવી વસ્તુ બનાવવાની નથી, પણ પોતે સત્ જેવો છે તેવો સ્વીકાર કરવાનો છે, તેથી તે સદા સુલભ છે. જેણે પોતાના સ્વભાવનો સ્વીકાર કર્યો તેને તો પોતાનો આત્મા સદાય સુલભ છે, સદાય પ્રાપ્ત છે; અજ્ઞાની શ્રદ્ધા કરતો નથી તેથી તેને સ્વવસ્તુ દેખાતી નથી; સત્ પોતામાં હોવા છતાં પોતે તેને દેખતો નથી–માટે તેને દુર્લભ લાગે છે. જ્ઞાની તો જાણે છે કે અહા, મારી ચૈતન્યવસ્તુ સદા મારી પાસે જ છે, તેથી મને સદા સુલભ છે, પ્રાપ્ત છે. હે જીવ! તારામાં સદાય પ્રાપ્ત એવી તારી શુદ્ધ ચૈતન્યવસ્તુનો સ્વીકાર કરીને તું પણ તેને સુલભ બનાવ. તને એમ થશે કે–

**'વાહ! મારી સુલભ વસ્તુ શ્રીગુરુએ મને મારામાં બતાવી.'**

તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદક : **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૭, આસો (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૮ : અંક ૧૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

સાધર્મી બંધુઓ, આ અંકની સાથે આપણા આત્મધર્મનું ૨૮મું વર્ષ પૂરું થાય છે. પૂ. શ્રી કહાનગુરુની મંગલછાયામાં ૨૮ વર્ષથી આત્મધર્મદ્વારા આપણને સૌને આત્મહિતનું જે માર્ગદર્શન અને પ્રેરણા મળે છે તે અલૌકિક છે. વીતરાગમાર્ગની શરૂઆત આપણા આત્મામાંથી જ થાય છે, એવો આત્મસન્મુખી વીતરાગમાર્ગ પ્રાપ્ત કરાવીને ગુરુદેવે જે અપૂર્વ ઉપકાર કર્યો છે, તેનું સ્મરણ કરીને ગુરુચરણોમાં હૃદય નમી પડે છે.

શ્રી દેવ-ગુરુના શરણમાં, આત્મધર્મદ્વારા આપણે સૌ એક પરિવાર જેવા બની ગયા છીએ. ગમે તેટલી દૂરદૂરની બે વ્યક્તિ મળે. પણ જો બન્ને આત્મધર્મના વાંચનાર હોય તો, જાણે અત્યંત નીકટના પરિચિત એક પરિવારના જ હોય-એવો પ્રેમ પરસ્પર થાય છે. આત્મધર્મના સમસ્ત પાઠકોને પોતાના સાધર્મી ભાઈ-બેન સમજીને સંપાદકે તેમના ઉપર હંમેશા નિર્દોષ વાત્સલ્યપ્રેમ વરસાવ્યો છે, ને સામેથી સમસ્ત પાઠકોએ પણ સંપાદક પ્રત્યે એવી જ લાગણી બતાવી છે. આત્મધર્મદ્વારા બંધાયેલો આવો ધાર્મિકસંબંધ તે આપણી કિંમતી મૂડી છે.

બંધુઓ, આ અવસર આત્માને સાધવાનો છે. આત્માને સાધવાની સર્વ સામગ્રી ગુરુપ્રતાપે આપણને મળી છે. તો હવે આવા ઉત્તમ-કાર્યમાં વાર શા માટે લગાડવી? અત્યંત જાગૃત થઈને આત્માની આરાધનામાં તત્પર થવું યોગ્ય છે. આત્માની આરાધનાવડે સમ્યક્ ચૈતન્યદીવડા પ્રગટાવીને મોક્ષની મંગલ-દીપાવલી ઊજવીએ... ને આનંદમય રત્નત્રયનાં તેજથી આત્મામાં ઝગઝગાટ પ્રગટાવીએ...

-બ્ર. હરિલાલ જૈન

卐 卐 卐

સાથે સાથે અમારી એક નાનકડી સૂચના આપ તરત ધ્યાનમાં લેશો–નવાવર્ષનું આપનું લવાજમ (ચાર રૂપિયા) એકાદ અઠવાડિયામાં જ [ આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)–એ સરનામે ] મોકલી આપશોજી–જેથી વ્યવસ્થામાં અમને સરળતા રહે. લવાજમ સાથે આપનું પૂરું સરનામું સ્પષ્ટ લખશોજી.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૭
આસો
OCT. 1971

* વર્ષ : ૨૮ : અંક ૧૨ *

# પોતાના પરમ તત્ત્વની પ્રાપ્તિ વડે થતો સાચો સંતોષ

સ્વાનુભૂતિમાં જ્યાં પોતાના પરમ તત્ત્વની પ્રાપ્તિ થઈ ત્યાં પોતાના પરમ આનંદમય નિધાનને પોતામાં જ દેખીને જીવને પરમ સંતુષ્ટ ભાવ થાય છે, પછી ત્યાં બીજી કોઈ વસ્તુની પ્રાપ્તિનો લોભ રહેતો નથી. પરમ ચૈતન્યતત્ત્વ, જગતની સર્વોત્કૃષ્ટ વસ્તુ તો પોતામાં જ પ્રાપ્ત થઈ ગઈ પછી બીજી વસ્તુનો લોભ કેમ રહે? અહા! મારું પરમતત્ત્વ, મારો પરમ ચૈતન્યવૈભવ મારામાં જ અનુભવીને હું પરમ તૃપ્ત છું, સંતુષ્ટ છું. –આમ ધર્મીજીવ સ્વાનુભવના સંતોષ દ્વારા લોભને જીતે છે; ક્રોધ–માન–માયા કે લોભના ભાવ જેમાં છે જ નહિ –અને જે ક્ષમાનો તથા સંતોષનો સાગર છે– એવા સ્વતત્ત્વની પ્રાપ્તિથી તૃપ્ત થયેલા તે જીવને જગતના બીજા કોઈ પદાર્થને મેળવવાની અભિલાષા નથી. આ રીતે પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ સંતોષ દ્વારા લોભને જીતાય છે.

જેણે સ્વાનુભવવડે સ્વતત્ત્વને પ્રાપ્ત કર્યું નથી, એટલે જેને સ્વતત્ત્વની અનુભૂતિનો સંતોષ નથી તેને પરદ્રવ્યનો–રાગનો લોભ છે, ક્યાંક પરમાંથી સુખ લઉં એવી તૃષ્ણા તેને વર્તે જ છે. સુખથી ભરેલા પોતાના સ્વતત્ત્વને દેખે તો જ તેની તૃષ્ણા મટે ને પોતાના અનુભવથી જ તેની પરિણતિ તૃપ્ત–તૃપ્ત સંતુષ્ટ થાય. માટે આચાર્યપ્રભુ કહે છે કે હે ભવ્ય!

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

# * સર્વ અપરાધના અભાવરૂપ શુદ્ધ પ્રાયશ્ચિત્ત *

[ સ્વાત્માના ચિંતન વડે જ્ઞાનની વિશેષ ઉજ્વળતા તે જ પ્રાયશ્ચિત્ત છે ]

### 卐 નિયમસાર નિશ્ચય–પ્રાયશ્ચિત્ત અધિકાર : ભાદરવા વદ ત્રીજ તથા ચોથ 卐

શુદ્ધઆત્માની ભાવના વડે પ્રાયશ્ચિત્ત થાય છે. શુદ્ધઆત્માની સન્મુખ થઈને તેને ભાવતાં પુણ્ય–પાપરૂપ કલુષતાનો છેદ થાય છે ને જ્ઞાનની વિશુદ્ધિરૂપ ઊજ્વળતા પ્રગટે છે, તેથી શુદ્ધાત્માની ભાવના તે જ ઉત્તમ પ્રાયશ્ચિત્ત છે.

જે ભાવથી આત્માને દુઃખ થયું, અશુદ્ધતા થઈ, અપરાધ થયો તે મલિન ભાવ જેનાથી છેદાય, અને ચિત્તની વિશેષ શુદ્ધિ થાય તે સાચું પ્રાયશ્ચિત્ત છે. શુદ્ધ–સ્વભાવની ભાવનારૂપ નિર્મળપરિણામ તે જ પ્રાયશ્ચિત્ત છે.

શુદ્ધઆત્મા દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરહિત છે; એવા આત્માને ઓળખીને તેમાં એકાગ્રતારૂપ વીતરાગપરિણામ તે નિશ્ચયથી મહાવ્રત છે. મહાવ્રત, સમિતિ, પ્રાયશ્ચિત્ત, સામાયિક, આલોચના વગેરે બધું ધ્યાનમાં જ સમાય છે. શુદ્ધઆત્માનું ધ્યાન તે જ નિશ્ચયથી મહાવ્રતરૂપ ચારિત્ર છે, શુદ્ધઆત્માનું ધ્યાન જ સામાયિક છે, શુદ્ધઆત્માનું ધ્યાન જ પ્રાયશ્ચિત્ત છે, શુદ્ધઆત્માનું ધ્યાન જ પરમ અહિંસા છે. શુદ્ધઆત્માના આશ્રયે નિશ્ચયધર્મધ્યાન થતાં સર્વે પરભાવો છૂટી જાય છે, માટે ધ્યાનમાં જ બધા ધર્મો સમાઈ જાય છે. તેથી આચાર્યદેવ કહે છે કે–

**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને,**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ( ૧૧૯ )**

પરભાવનું અવલંબન તેમાં તો શુભાશુભ ભાવરૂપ અપરાધની ઉત્પત્તિ છે; તેથી પરાલંબી ભાવવડે રાગાદિ દોષનો છેદ થતો નથી. રાગાદિ સર્વે દોષોનો છેદ, ને નિશ્ચય મહાવ્રતાદિ વીતરાગીભાવોની ઉત્પત્તિ શુદ્ધસ્વદ્રવ્યના અવલંબને જ થાય છે. તેથી શુદ્ધાત્માને અવલંબનારી જે વિશેષપરિણતિ છે તે પ્રાયશ્ચિત્ત છે, તે સંવર છે, તેમાં ઇન્દ્રિયનો નિરોધ છે.

અનીન્દ્રિય એવા આત્માનું ઇન્દ્રિયાતીત પરિણમન તે સંયમ છે. તે વિશુદ્ધ

પરિણતિમાં રાગાદિ હિંસાભાવનો અભાવ છે તેથી તે અહિંસા છે; તેમાં પોતાના સત્ સ્વભાવનો સ્વીકાર છે તેથી તે જ સાચું સત્ય છે. તેમાં એક રજકણમાત્ર પરદ્રવ્યનું કે પરભાવનું ગ્રહણ નથી તેથી તે જ સાચું અદત્ત છે, તેમાં જ પરમબ્રહ્મસ્વરૂપમાં રમણતા હોવાથી, ને પરના સંસર્ગનો તદ્દન અભાવ હોવાથી તે જ પરમાર્થ બ્રહ્મચર્ય છે; તેમાં સ્વદ્રવ્યનું જ પરિ–ગ્રહણ છે, સર્વપ્રકારે પોતે પોતાના સ્વભાવને જ ગ્રહ્યો છે, તે સિવાય બીજાના ગ્રહણનો અભાવ છે તેથી તે જ અપરિગ્રહ મહાવ્રત છે. આમ શુદ્ધ અંતર્મુખ પરિણતિમાં પાંચે મહાવ્રત સમાય છે; સમિતિ વગેરે બધું પણ તેમાં જ આવી જાય છે. માટે આચાર્યદેવ કહે છે કે અહો, અંતર્મુખ થઈને ચૈતન્યના આકારરૂપ પરિણામ થયા તેમાં બધું આવી જાય છે. તેમાં પછી 'આ કરુંને આ છોડું' એવા વિધિ–નિષેધના વિકલ્પો કરવાનું રહેતું નથી. સંકલ્પ–વિકલ્પો તે તો અસમાધિ છે, બહિર્મુખભાવો છે, ને સમાધિ તે તો અંતર્મુખ–આકાર છે એટલે કે ચૈતન્યમાં તદ્રૂપ પરિણમન છે. તે જ જ્ઞાનની ઉજ્વળતારૂપ પ્રાયશ્ચિત્ત છે, ને મુમુક્ષુજીવે આવું પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.

શુદ્ધાત્માથી જેટલા બહિર્મુખભાવો છે તે અગ્નિસમાન આકુળતાવાળા હોવાથી અપરાધ છે; તેનો જેનાથી છેદ થાય ને શાંત–અનાકુળ વિશુદ્ધ ચૈતન્યભાવ પ્રગટે તે પ્રાયશ્ચિત્ત છે; તેમાં પોતાના શુદ્ધઆત્માનું જ અવલંબન છે.

અહા, આત્મા તો એકલા અતીન્દ્રિય આનંદનો ગાંઠડો છે... તેને ખોલતાં તેમાંથી જે અતીન્દ્રિય આનંદમય પરિણતિ પ્રગટે છે તે ધર્મ છે, તે પ્રાયશ્ચિત્ત છે. અતીન્દ્રિય આનંદ જ જેનું રૂપ છે.–તેમાં પ્રવેશીને તેનું અવલોકન કરવું તે નિશ્ચયથી ઇર્યાસમિતિ છે. જ્ઞાનસ્વભાવની જ્ઞાનભાવરૂપ પરિણતિ થઈ તેમાં સર્વ અપરાધનો અભાવ છે તેથી તે જ સાચું પ્રાયશ્ચિત્ત છે. આ પ્રાયશ્ચિત્તમાં ખેદ નથી, એમાં તો અતીન્દ્રિય આનંદની મસ્તી છે, એકલા શાંતરસમાં સમાધિ છે.

અહો, સ્વાત્મ–ચિંતનમાં તત્પર મુનિઓને નિરંતર પ્રાયશ્ચિત્ત છે. જેણે અતીન્દ્રિય આનંદમાં પરિણતિને લીન કરી તેને બહારમાં પાંચઇન્દ્રિયનો ફેલાવ સંકેલાઈ ગયો, પરિણતિ અતીન્દ્રિય થઈને અંતર્મુખાકાર થઈ... તે જીવ વીતરાગ ભગવાનની પેઢીમાં બેઠો.

જે વીતરાગી પેઢીનું નામ રાખીને રાગના વેપારથી લાભ મનાવે તે તો વીતરાગનો વિરોધી છે; રાગના વેપારથી લાભ માનવો તે તો ધરમનું દીવાળું કાઢવાનો

ધંધો છે. બાપુ! વીતરાગની પેઢીનો વારસો તારે લેવો હોય તો સર્વ રાગના અભાવરૂપ, જે શુદ્ધ ચૈતન્ય પરમતત્ત્વ–એવા સ્વાત્માને ઓળખીને તેનું ચિંતન કર. સ્વાત્માના ચિંતનથી વીતરાગભાવની ઉત્પત્તિ થઈ તે જ વીતરાગનો માર્ગ છે. આવા વીતરાગ–માર્ગની આરાધનાવડે જ ભવનો અંત પમાય છે ને મોક્ષનું પરમસુખ અનુભવાય છે.

સ્વાત્માના ધ્યાનવડે તત્ક્ષણ સર્વે પાપને ખંખેરીને મુનિઓ મુક્તિસુખ પામે છે. પોતાના અચિંત્ય પરમગુણોથી પરિપૂર્ણ પરમાત્માનું અંતરમાં ભાવવું એટલે કે અનુભવવું તે દોષના અભાવરૂપ પ્રાયશ્ચિત્ત છે, તેમાં પરભાવથી રહિત એવા ઊજ્વળ–જ્ઞાનનું પ્રકાશન છે.

મારો આત્મા શુદ્ધજ્ઞાન છે, શુદ્ધજ્ઞાનમાં ક્રોધાદિ કોઈ દોષ કદી છે જ નહિ; –એમ પોતાના શુદ્ધજ્ઞાનનો જેને સ્વીકાર છે એટલે કે અનુભવ છે તેને સદાય પ્રાયશ્ચિત્ત જ છે. શુદ્ધજ્ઞાન તે આત્માનો ઉત્કૃષ્ટ ધર્મ છે, તેમાં શાંતિ–આનંદ–પ્રભુતા વગેરે અનંત ધર્મો સમાય છે. હું પોતે આવા શુદ્ધજ્ઞાનની મૂર્તિ છું–એમ જ્ઞાનની સમ્યક્ભાવના ભાવનાર જીવને પ્રાયશ્ચિત્ત છે જ, એટલે કે તેને જ્ઞાનની ઉત્કૃષ્ટ શુદ્ધિ હોય છે જ. અહો, આવા ગુણવંત મુનિવરોને હું પણ તેવા ગુણની પ્રાપ્તિ માટે વંદું છું.

વાહ, શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્માની સમ્યક્ભાવના, એટલે તેની શ્રદ્ધા–જ્ઞાન –અનુભૂતિરૂપ પરિણતિ, તે જ પરમધર્મી જીવોનું પ્રાયશ્ચિત્ત (ઉત્કૃષ્ટ જ્ઞાન) છે, તેમાં સર્વે દોષનો અભાવ છે, ને તેમાં અનંતગુણ સમાય છે. પ્રાયઃ ચિત્તસ્વરૂપ એટલે ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ જે પોતાનો પરમ શુદ્ધઆત્મા, તેની ભાવના કરનારો જીવ પોતે પણ પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે. ત્રિકાળી આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ હોવાથી તે નિશ્ચયથી પ્રાયશ્ચિત્તરૂપ જ છે, ને આવા શુદ્ધસ્વભાવની સન્મુખ થઈને જે પર્યાયમાં તેની સમ્યક્ભાવના ભાવે છે તે જીવને પણ પ્રાયશ્ચિત્ત છે. પરિણતિમાં પ્રાયશ્ચિત્તસ્વરૂપ ત્રિકાળશુદ્ધ જ્ઞાનસ્વભાવને જેણે ધારણ કર્યો તે આત્માને સદાય પ્રાયશ્ચિત્ત જ છે.

ક્ષણિક રાગાદિ અપરાધ ભાવોને ધર્મી પોતાના શ્રદ્ધાજ્ઞાનમાં ધારણ કરતા નથી, તેને તો જુદા જ રાખે છે; ધર્મી તો નિર્દોષ પરમ ચિત્તને–ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ આત્માને જ પોતાના શ્રદ્ધા–જ્ઞાનમાં ધારણ કરે છે. હું પણ આવા આત્માની સન્મુખ થઈને તેની સમ્યક્ભાવના કરતો થકો, શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ભાવનાવંત મુનીન્દ્રને વંદું છું.

# અહો જ્ઞાનધર્મ !

[ અંતર્મુખ થઈને શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ભાવના કર્તવ્ય છે ]

* નિયમસાર ગાથા : ૧૧૬, ભાદરવા વદ ૬ *

ધર્મ એટલે આત્માનો કાયમી જ્ઞાનગુણસ્વભાવ; તે સ્વભાવની રાગરહિત નિર્વિકાર પરિણતિ તે મોક્ષના સાધનરૂપ ધર્મ છે. આત્માએ પોતાના જ્ઞાનધર્મને સદા પોતામાં ધારી રાખ્યો છે; આવા આત્માની સમ્યક્ભાવના વડે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ધર્મ પ્રગટ થાય છે.

સર્વજ્ઞસ્વભાવ તે આત્માનો ઉત્કૃષ્ટ ધર્મ છે; અનંતધર્મો ત્રિકાળ છે, તેમાં સર્વજ્ઞસ્વભાવરૂપ ધર્મ મુખ્ય છે. તે સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને પ્રતીત કરતાં જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

જ્ઞાનધર્મ મહાન છે–ઉત્કૃષ્ટ છે; જ્ઞાનમાં રાગ નથી; જ્ઞાનની અનુભૂતિ રાગથી પાર છે. શુદ્ધજ્ઞાનની અનુભૂતિમાં આત્મા આવી જાય છે. જ્ઞાનને આત્મા જ કહ્યો છે. આવા જ્ઞાનસ્વભાવની સમ્યક્ભાવનામાં ચિત્તની અત્યંત શુદ્ધિ હોવાથી તેને પ્રાયશ્ચિત્ત કહેવાય છે; તેમાં જ્ઞાનની અતિશયતા છે ને રાગાદિ દોષનો પરિહાર છે.

શરીર–મન–વાણીને એક્કોર રાખ; એ તો જુદાં છે જ; અંદર રાગાદિ પરભાવો છે તેને પણ જ્ઞાનથી જુદા જ જાણ; જ્ઞાનધર્મમાં રાગ નથી. આત્મા જ્ઞાનધર્મ જેટલો છે. તેનો ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવ હોવાથી તે પોતે પ્રાયશ્ચિત્ત છે. અહો, આવો જ્ઞાનધર્મ આત્માનો પોતાનો છે, તેના વડે આત્માનું સ્વરૂપ ઓળખાય છે.

ધર્મને ધારણ કરનાર આત્મા, તેને જાણ્યા વગર ધર્મ થતો નથી. જાણનારને જાણ્યા વગર સાચું જ્ઞાન ક્યાંથી થાય? જે જાણનાર છે, જે પોતે જ્ઞાનસ્વરૂપ છે, એવી સ્વસત્તાને જાણતાં અને તેમાં લીન થતાં મુક્તિના માર્ગરૂપ શુદ્ધજ્ઞાન પ્રગટે છે, તે શુદ્ધજ્ઞાનને નિશ્ચયપ્રાયશ્ચિત્ત કહેવાય છે; તેમાં મિથ્યાત્વાદિ સર્વે દોષોનો અભાવ છે.

મુનિઓ શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્‌ભાવના કરનારા છે. પોતાના શુદ્ધજ્ઞાનસ્વરૂપની સમ્યક્‌ભાવના ક્યારે થાય? કે તે સ્વભાવની સન્મુખ થઈને તેની સમ્યક્‌ભાવના થાય છે; પરની, રાગની કે પર્યાયભેદની સન્મુખ રહીને શુદ્ધજ્ઞાનની સમ્યક્‌ભાવના થતી નથી; પણ પરથી પરાંગ્મુખ, રાગથી રહિત ને પર્યાયભેદોથી પાર થઈને, અંતર્‌સન્મુખ અભેદ પરિણતિવડે આત્માની સમ્યક્‌ભાવના થાય છે. આ સમ્યક્‌ભાવના તે જ સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે; તેમાં ધ્યેયરૂપ પોતાનો શુદ્ધઆત્મા જ છે; બીજું કોઈ નહીં.

અહો, મારો આત્મા અતીન્દ્રિયજ્ઞાનનો સાગર છે, તેમાં અતીન્દ્રિય શાંતિ છે, અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવમાં અનંતાધર્મો સમાયેલા છે. આવા મારા જ્ઞાનની પ્રતીત કરતાં મારો ઉત્કૃષ્ટ–સર્વજ્ઞસ્વભાવ સ્વાનુભવમાં મને પ્રત્યક્ષગોચર થાય છે; એટલે સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવા ક્યાંય બહારમાં–રાગમાં જોવાપણું નથી; મારો સર્વજ્ઞસ્વભાવ જે મારામાં સત્‌ છે જ–તેનો સ્વીકાર કરીને તેની સમ્યક્‌ભાવના વડે તેમાંથી સર્વજ્ઞતા આવશે.–આમ ધર્મીને પ્રતીત છે.

સર્વજ્ઞસ્વભાવને માનતાં જીવ પોતે સર્વજ્ઞતાના માર્ગમાં ચડી ગયો. રાગવાળો, ઇન્દ્રિયજ્ઞાનવાળો હું છું એમ અનુભવનાર જીવ મિથ્યાભાવવાળો છે કેમકે તે પોતાના સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર કરતો નથી. સર્વજ્ઞસ્વભાવનો સ્વીકાર કરનારી પરિણતિ તો રાગથી ને ઇન્દ્રિયજ્ઞાનથી જુદી પડી જાય છે ને અતીન્દ્રિય થઈને અંતરના સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરે છે. માટે અંતર્મુખ થઈને શુદ્ધજ્ઞાનની આવી સમ્યક્‌ભાવના કર્તવ્ય છે.

મારે મારા આત્માના જ્ઞાનસ્વભાવ સાથે કામ છે, બીજા કોઈ સાથે મારે કામ નથી. –બીજા જીવો માને કે ન માને, બીજાને સમજાવતાં આવડે કે ન આવડે, બીજું જાણપણું હો કે ન હો, મારે તો મારામાં જે સર્વજ્ઞસ્વભાવરૂપ પરમધર્મ છે તેની સાથે જ પ્રયોજન છે, એટલે તેની જ સન્મુખ થઈને હું તેને એકને જ સદાય ભાવું છું... વારંવાર એનો જ પરિચય કરું છું.

‘અરે, પંચમકાળે સર્વજ્ઞભગવાનના વિરહ પડયા!’ –પણ કાંઈ પોતાના સર્વજ્ઞસ્વભાવી આત્માનો વિરહ છે? –ના; સર્વજ્ઞતા જેમાંથી પ્રગટે છે એવો સર્વજ્ઞસ્વભાવી આત્મા તો પ્રત્યક્ષ–પ્રગટ અંદર બિરાજી રહ્યો છે; પોતાનો પોતાને કદી વિરહ નથી. આવા સર્વજ્ઞસ્વભાવી આત્માને જેણે ઓળખ્યો તે સર્વજ્ઞના માર્ગમાં આવી ગયો, પોતામાં જ ભગવાનનો સાક્ષાત્‌ ભેટો થતાં સર્વજ્ઞનો વિરહ એને મટી ગયો...એણે ભગવાનને

રીઝવી લીધા. એ પોતે વીતરાગમૂર્તિ થઈ ગયો. સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ બધા ભાવો વીતરાગતાના જ પ્રકાર છે, તે કાંઈ રાગના પ્રકાર નથી; તેથી સમ્યગ્દર્શનાદિ બધા ધર્મો વીતરાગતાની જ મૂર્તિ છે. જેને સમ્યગ્દર્શનાદિ થયું તે વીતરાગમૂર્તિ થયો. આત્માના જ્ઞાનધર્મની સમ્યક્ભાવનાવડે આવો ધર્મ થાય છે. માટે મુમુક્ષુજીવે અંતર્મુખ થઈને પોતાના શુદ્ધજ્ઞાનમૂર્તિ આત્માની સમ્યક્ભાવના કરવા જેવી છે. વારંવાર ક્ષણેક્ષણે પરમ મહિમા લાવીને પોતાના જ્ઞાનસ્વભાવમાં પરિણતિ વાળવા જેવી છે...તે સમ્યક્ભાવના મુક્તિનું કારણ છે.

શુદ્ધાત્માની આવી સમ્યક્ભાવનાવંત મુનિઓને હું આદરપૂર્વક તેમના ગુણોની પ્રાપ્તિઅર્થે વંદું છું, એટલે કે હું પણ રાગાદિભાવોની ભાવના છોડીને મારા શુદ્ધાત્માની સન્મુખ થઈને તેની સમ્યક્ભાવના કરું છું.

## આસ્રવ અને સંવર

शुभाशुभकर्मागमद्वाररूप आस्रवः।
आस्रवनिरोधलक्षणः संवरः।।

સર્વાર્થસિદ્ધિમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે–

શુભ–અશુભકર્મ જેનાથી આવે છે તે આસ્રવ છે. શુભરાગવડે શુભકર્મનું આગમન થાય છે એટલે તે આસ્રવ છે; અને તે બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

આસ્રવના નિરોધને સંવર કહ્યો છે, એટલે શુભકર્મનો આસ્રવ પણ જેનાથી અટકે તે સંવર છે, તે મોક્ષમાર્ગ છે. શુભકર્મનો પણ જેનાથી આસ્રવ થાય તે મોક્ષમાર્ગ નથી.

આસ્રવની અને સંવરની આવી સ્પષ્ટ વ્યાખ્યા સમજે તો જ મોક્ષમાર્ગનો સાચો નિર્ણય થાય.

# ચૈતન્યની સ્વાનુભૂતિમાં જ મારી શોભા છે

( ભાદરવા સુદ પૂર્ણિમાં.... ૨૪૯૭, નિયમસાર શ્લોકઃ ૧૭૩ થી ૧૭૯ )

જેમ સુંદર સ્ત્રીઓના કટાક્ષબાણ વડે પણ મુનિઓનું હૃદય ભેદાતું નથી, તેમ સંકલ્પ–વિકલ્પો વડે ચૈતન્યતત્ત્વ ભેદાતું નથી, ધર્મી પોતાના ચૈતન્યતત્ત્વને સમસ્ત – સંકલ્પ – વિકલ્પોથી તદ્દન જુદું ને જુદું રાખે છે. અરે જીવ! આવા શાંત – સુંદર તારા તત્ત્વને ચૂકીને તું પરભાવના કોલાહલમાં ક્યાં અટકયો?

જેમ મોટા માણસની હાજરીમાં બાળક તોફાન કરે તો માતા તેને વઢે કે – અરે ડાયા! આ તને શું સૂઝયું? આવા મોટા માણસ સામે બેઠા છે ને તું આવા તોફાન કરે છે, એ તે કાંઈ તને શોભે છે? તેમ રાગથી જે લાભ મનાવે છે એવા જીવને જિનવાણીમાતા ઠપકો આપે છે કે – અરે જીવ! મોટા પરમાત્મા અંદર સાક્ષાત્ તારી પાસે બિરાજે છે ને તેની હાજરીમાં તું રાગથી લાભ માનીને પરભાવનાં. તોફાન કરે છે – એ તે કાંઈ તને શોભે છે? ના રે ના; તારી શોભા તો રાગથી પાર ચૈતન્યની સ્વાનુભૂતિવડે જ છે.

મુમુક્ષુજીવ પોતાના નિર્વિકલ્પ શુદ્ધતત્ત્વને બરાબર જાણે છે; ત્રણલોકને જાણવાનો જેનો સ્વભાવ છે, અને ક્યાંય એક વિકલ્પ પણ કરવાનો જેનો સ્વભાવ નથી –એવું શુદ્ધ – નિર્વિકલ્પ સત્ત્વ હું જ છું – એમ સ્વાનુભવથી અત્યંત સ્પષ્ટ મુમુક્ષુજીવ જાણે છે. એ રીતે સ્વતત્ત્વને જાણીને, શુદ્ધોપયોગવડે તેમાં એકાગ્રતારૂપ શુદ્ધશીલના આચરણવડે તે મુમુક્ષુજીવ સિદ્ધિને પામે છે.

જુઓ, સ્વતત્ત્વ કેવું છે? ને તે કેમ જણાય, એટલે કે તે અનુભવમાં કેમ આવે? તેની આ વાત છે. પોતાની જ્ઞાનપર્યાયવડે પોતાનો આત્મા જણાય છે. જ્યારે જ્ઞાનપર્યાયને સ્વભાવસન્મુખ એકાગ્ર કરતાં જ્ઞાનમય આખી ચીજ જાણવામાં આવી, ત્યારે તેણે આત્માને જાણ્યો. આવા આત્માને જાણીને તેમાં એકાગ્ર થતાં શુદ્ધ શીલનું

આચરણ થાય છે. પરથી ભિન્ન, પોતાના શુદ્ધ – દ્રવ્ય – ગુણ – પર્યાયરૂપ એક આખી ચૈતન્યવસ્તુ છે; તેમાં દ્રવ્ય–ગુણને ભૂલીને જો એકલી પર્યાય જેટલો જ પોતાને અનુભવે તો તે જીવને (પ્રવચનસારની ગા. ૯૩ માં) પર્યાયમૂઢ–મિથ્યાદ્રષ્ટિ કહ્યા છે. શુદ્ધ પર્યાયના ભેદ પાડીને તેના વિકલ્પમાં રોકાય તોપણ તેને વિકલ્પ સાથે એકતા છે, તેને શુદ્ધપર્યાય થતી નથી. શુદ્ધપર્યાય તો ત્યારે જ થાય કે જ્યારે દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદનું પણ અવલંબન છોડીને એક અભેદ શુદ્ધઆત્માનું અવલંબન લ્યે, ને તે અભેદનો અનુભવ કરે.

મુનિઓ અને સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ આનંદસહિત પોતાના અંતરમાં આવા નિર્બાધ તત્ત્વનો અનુભવ કરે છે. આ નિર્બાધ ચૈતન્યતત્ત્વ કોઈથી ભેદાતું નથી. જેમ સુંદર સ્ત્રીઓના કટાક્ષબાણવડે પણ મુનિઓનું હૃદય ભેદાતું નથી, તેમ સંકલ્પ–વિકલ્પોવડે ચૈતન્યતત્ત્વ ભેદાતું નથી, ધર્મી પોતાના ચૈતન્યતત્ત્વને સમસ્ત સંકલ્પ–વિકલ્પોથી તદ્દન જુદું ને જુદું રાખે છે. અરે જીવ! આવા શાંત–સુંદર તારા તત્ત્વને ચૂકીને તું પરભાવના કોલાહલમાં ક્યાં અટક્યો?

જેમ મોટા માણસની હાજરીમાં બાળક તોફાન કરે તો માતા તેને વઢે કે–અરે ડાયા! આ તને શું સૂઝયું? આવા મોટા માણસ સામે બેઠા છે ને તું આવા તોફાન કરે છે, એ તે કાંઈ તને શોભે છે? તેમ રાગથી જે લાભ મનાવે છે એવા જીવને જિનવાણીમાતા ઠપકો આપે છે કે – અરે જીવ! મોટા પરમાત્મા અંદર સાક્ષાત્ તારી પાસે બિરાજે છે ને તેની હાજરીમાં તું રાગથી લાભ માનીને પરભાવનાં તોફાન કરે છે – એ તે કાંઈ તને શોભે છે? ના રે ના, તારી શોભા તો રાગથી પાર ચૈતન્યની સ્વાનુભૂતિવડે જ છે. અરે, 'તું રાગ કર, તને રાગથી લાભ થશે' – એમ રાગનો ઉપદેશ તે કાંઈ મુનિને કે ધર્મીને શોભે? ના; અહો, વીતરાગતાના સાધકો તો વીતરાગતાથી જ લાભ મનાવે, વીતરાગતાનો જ ઉપદેશ કરે, ને તેનો જ આદર કરે. વીતરાગભાવ વડે જ એમની શોભા છે.

વીતરાગી ગુરુઓ તો વીતરાગમાર્ગનો જ ઉપદેશ આપે છે. જેઓ રાગની પુષ્ટિનો ઉપદેશ આપે, તેને વીતરાગમાર્ગી કોણ કહે? જેઓ મિથ્યામાર્ગનો ઉપદેશ આપે, જેઓ 'તું આ નવું પાપ કર' એમ પાપનો ઉપદેશ આપે, તે તો વીતરાગમાર્ગથી વિરુધ્ધ છે. ધર્મી તો કહે છે કે અમારું તત્ત્વ રાગથી અત્યંત ભિન્નપણે જયવંત છે. અહો, આ તત્ત્વના મહિમાની શી વાત!

**વાહ જુઓ તો ખરા! મુનિઓ તો સિદ્ધ સાથે વાતું કરે છે. પ્રભો! તારા જેવો મારો સ્વભાવ મેં મારામાં અનુભવ્યો-એટલે હું તારી સમીપમાં**

**જ છું. તારાથી જરાય દૂર નથી.**

અહો ! આવું સચ્ચિદાનંદ તત્ત્વ, અચિંત્ય મહિમાવંત, પોતે જ છે, તેની પ્રાપ્તિ માટે કોઈ બીજાના મહિમાની જરૂર નથી. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થ પણ પોતાના આવા શુદ્ધતત્ત્વને અનુભવે છે. આહા, મારો આત્મા જ કલ્યાણની મૂર્તિ છે. તેને નજરમાં લીધો છે તેથી મારું કલ્યાણ જ છે; **પ્રત્યક્ષસ્વભાવી આત્મા પર્યાયમાં પણ સ્વાનુભવપ્રત્યક્ષ થયો છે; અહા ! આવો પ્રત્યક્ષઅંશ જેમાંથી આવ્યો તે આખી વસ્તુ પ્રત્યક્ષસ્વભાવી જ છે, આમ સ્વસંવેદનપ્રત્યક્ષના બળે ધર્મી પોતાના પ્રત્યક્ષસ્વભાવી આત્માને નિઃશંક જાણે છે. તે જાણનારા જ્ઞાન તો મતિ-શ્રુત છે, છતાં તે જ્ઞાનમાં ઇન્દ્રિયનું -મનનું કે રાગનું અવલંબન નથી. અતીન્દ્રિયસ્વભાવી ચેતનવસ્તુ છે તેનું અવલંબન કરતાં પર્યાય પણ તેવી અતીન્દ્રિય થઈ છે.** આવું આત્માનું સ્વસંવેદન થતાં ધર્મી જાણે છે કે આનંદનું ને જ્ઞાનનું ધામ હું જ છું. જ્ઞાનનું મંદિર, આનંદનું મંદિર હું જ છું, મારાથી બહાર બીજે ક્યાંય મારા જ્ઞાન–આનંદ નથી. –આમ સ્વસન્મુખ અનુભૂતિ કરનાર ધર્માત્માને પોતાનો આત્મા સુલભ જ છે, દૂર્લભ નથી, દૂર નથી.

સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે– મારો આત્મા ઉત્કૃષ્ટ સમતાનું ઘર છે. ત્રણલોકમાં ખળભળાટ થાય તોપણ જે પોતાની સમતાથી છૂટે નહિ એવો મારો આત્મા છે; પરભાવોના પ્રપંચથી તે દૂર છે, પણ મારા સ્વભાવમાં તે મને નિરંતર સુલભ છે. મારું શુદ્ધતત્ત્વ મારામાં સદા પ્રાપ્ત જ છે, સદાય મને સુલભ જ છે. મારામાં સદાય હું પ્રાપ્ત જ છું. મારું તત્ત્વ મારાથી દૂર નથી. મન–વાણીથી દૂર છે, પણ સ્વાનુભવ વડે તે મારામાં સુલભ છે–આવું જે પોતાનું શુદ્ધતત્ત્વ છે તે નમવાયોગ્ય છે, તેમાં અંતર્મુખ થઈને એકાગ્ર થવા જેવું છે. અમે તેને જ નમીએ છીએ.

અહો, આત્મા તો શાંતરસનો સમુદ્ર છે, જ્યાં કેવળજ્ઞાનરૂપી પૂનમનો ચંદ્ર સોળકળાએ ઊગ્યો ત્યાં શાંતરસનો સમુદ્ર ઊછળ્યો. આ કેવળજ્ઞાનચંદ્ર સદાય સોળ કળાએ ખીલ્યો છે, તેની સાથે પરમ શાંતરસ ઉલ્લસે છે; તેવો જ મારા આત્માનો સ્વભાવ છે–એમ હે જીવ ! તું તારા સ્વભાવનો વિશ્વાસ લાવ ! તારા આત્મામાં સંકલ્પ–વિકલ્પ કરવાનો સ્વભાવ નથી; એકલો અનાકૂળ શાંતરસ જ તારામાં ભર્યો છે.–આવા સ્વરૂપમાં નજર કરતાં શાંતરસનો દરિયો પોતામાં ઉલ્લસતો દેખાય છે... અનંતી શાંતિ મારા આત્મામાં વેદાય છે; મારી પરિણતિદ્વારા મારા શાંતરસમય ભગવાનને હું વધાવું છું.

## આત્માને અપૂર્વ શાંતિ અને સમાધિ આપનાર

# અલૌકિક વીતરાગમાર્ગ

સર્વજ્ઞદેવનો માર્ગ અપૂર્વ અલૌકિક છે; તે માર્ગને સેવતાં આત્માની પરમ વીતરાગી શાંતિ થાય છે. જેમાં શાંતિ ન મળે તે વીતરાગનો માર્ગ નહીં. વીતરાગનો માર્ગ તો વીતરાગભાવવડે પરમ અતીન્દ્રિય શાંતિ દેનાર છે. અરે જીવ! વીતરાગનો આવો માર્ગ તને મળ્યો, તો હવે બીજી ઉપાધિ છોડીને વીતરાગભાવવડે તારા પરમાત્મતત્ત્વને ચિંતવ, તેમાં તને પરમ શાંતિ પરમ આનંદ ને પરમ સમાધિ થશે.

[ સોનગઢમાં બોટાદના ભાઈશ્રી શિવલાલ વીરચંદ ગાંધી તથા જોરાવરનગરના ભાઈશ્રી અનુપચંદ છગનલાલ ઉદાણીના નવા મકાન ( ગુરુમહિમા ) ના વાસ્તુ પ્રસંગે મંગલપ્રવચનમાંથી. વીર સં. ૨૪૯૭, આસો સુદ ત્રીજ, નિયમસાર ગાથા ૧૨૨ ]

* * * * *

સમાધિ એટલે આત્માની સાચી શાંતિ, ને આનંદ કેમ થાય તેની આ વાત છે. આધિ–વ્યાધિ ને ઉપાધિ વગરનો જે વીતરાગી શાંતભાવ તે સમાધિ છે. આ સમાધિમાં બહારનું કોઈ અવલંબન નથી, પોતાના શુદ્ધઆત્માનું જ અવલંબન છે, વીતરાગભાવવડે પોતાના આત્માની શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ તે સમાધિની રીત છે.

મુમુક્ષુ ધર્મીને પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે બહુમાન–સ્તુતિનો પ્રશસ્તભાવ આવે છે; પણ પરમ સમાધિમાં તો તે પ્રશસ્તરાગનું પણ અવલંબન નથી. સર્વજ્ઞ પરમાત્મા અરિહંત અને સિદ્ધભગવંતોને અચિંત્ય પરમ વીતરાગવૈભવ પ્રગટયો છે, સાધુમુનિઓને પણ આત્માના પ્રચુર સ્વસંવેદન વડે ઘણોજ આનંદમય વીતરાગ વૈભવ પ્રગટયો છે. અશુભથી છૂટવા મુમુક્ષુજીવોએ, પરમયોગિમુનિઓએ પણ આવા પરમેષ્ઠી ભગવંતોની સ્તુતિ–બહુમાન કર્તવ્ય છે; તેમાં પ્રશસ્તભાવ છે. અને પરમાર્થ સમાધિમાં લીન એવા નિર્વિકલ્પસંતોને તો અતીન્દ્રિય આનંદમાં એવી એકાગ્રતા છે

કે પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈ રાગવૃત્તિનું ઉત્થાન જ થતું નથી. તેઓ તો પરમ–વીતરાગભાવે પોતાના જ્ઞાયકસ્વરૂપને જ ધ્યાવે છે.

ભગવાન આત્મા તો ત્રણેકાળ કર્મકલંકથી રહિત છે, અને તેના તરફ વળીને તેને ધ્યાવનારી પર્યાય પણ કર્મકલંકથી રહિત છે. શુભવિકલ્પનો વિષય આત્મા નથી, આત્મા તો રાગરહિત વીતરાગી ચેતનાનો જ વિષય છે. રાગ તો આસ્રવતત્ત્વ છે તે કાંઈ જીવતત્ત્વ નથી; અંતર્સન્મુખ થયેલી ચેતના પણ રાગદિ આસ્રવથી રહિત થઈને સંવર–નિર્જરારૂપ થયેલી છે. અરે, સંસારના રસમાં ખૂંચી ગયેલા જીવોને આ ચૈતન્ય તત્ત્વના રસનો સ્વાદ ક્યાંથી આવે? ચૈતન્યનો રસ જેને જાગે તેને સંસારમાં બીજા કોઈનો રસ રહે નહીં. ચૈતન્ય તરફ જે ભાવ વળ્યો તે ભાવ રાગથી છૂટો પડયો, એટલે તે પર્યાય આસ્રવરહિત થઈ. આવી અંતર્મુખ પર્યાય તે જ સમાધિ છે, કોઈ પરભાવની ઉપાધિ તેમાં નથી. જીવન જીવતાં જ ધર્માત્માને આત્માની આવી સમાધિ અનુભવાય છે.

સર્વજ્ઞદેવનો માર્ગ અપૂર્વ અલૌકિક છે; તે માર્ગને સેવતાં આત્માની પરમ વીતરાગી શાંતિ થાય છે. જેમાં શાંતિ ન મળે તે વીતરાગનો માર્ગ નહીં. વીતરાગનો માર્ગ તો વીતરાગભાવવડે પરમ અતીન્દ્રિય શાંતિ દેનાર છે. અરે જીવ! વીતરાગનો આવો માર્ગ તને મળ્યો, તો હવે બીજી ઉપાધિ છોડીને વીતરાગભાવવડે તારા પરમાત્મતત્ત્વને ચિંતવ, તેમાં તને પરમ શાંતિ, પરમ આનંદ ને પરમ સમાધિ થશે.

અતીન્દ્રિય આનંદરસથી છલોછલ છલકાતો સાગર તારો આત્મા, તેના આનંદરસનો રસિયો થઈને તેને જ અંતરમાં વીતરાગભાવરૂપ ધ્યાનનો વિષય બનાવ. એના સિવાય બીજા કોઈના આશ્રયે શાંતિનું વેદન નથી. સમ્યગ્દર્શન કરવા માટે પણ પહેલાં તારા શુદ્ધઆત્માને જ ધ્યેય બનાવીને લક્ષમાં લે. સમ્યગ્દર્શનમાં પણ કોઈ અપૂર્વ સમાધિ છે. સમ્યગ્દર્શન પણ પુણ્ય અને પાપ બંનેથી પાર છે, ને આત્માના આશ્રયે જ તેની ઉત્પત્તિ છે.

અરે, આવો અલૌકિક વીતરાગમાર્ગ, આત્માના પોતાના સ્વભાવનો માર્ગ! તેને હે જીવ! તું સ્વાનુભવગમ્ય કર. તે સ્વાનુભવથી જ ગમ્ય છે. સ્વાનુભવ સિવાય બીજા કોઈ માર્ગે આત્માનો સ્વભાવ હાથમાં આવે નહિ, ને સ્વઘરમાં વાસ થાય નહીં. સ્વભાવના સ્વઘરમાં પ્રવેશીને પર્યાય તેમાં વસે તે જ અપૂર્વ આનંદમય વાસ્તુ છે. જે વીતરાગભાવથી આત્મામાં વસાય તેને ભગવાન વાસ્તુ કહે છે.

# ચારિત્રમાં વરસે છે-આનંદની ધારા

[ નિયમસાર-ટીકા-શ્લોક ૧૮૬-૧૮૭-૧૮૮ ભાદ્ર. વદ ૮ ]

**∗ મારો માર્ગ ને વીતરાગપરમાત્માનો માર્ગ જરાય જુદા નથી ∗**

આત્મા જ્ઞાનમૂર્તિ છે, તેની સન્મુખ થઈને તેનું રાગ વગરનું જે અતીન્દ્રિયવેદન થવું તે આનંદ છે, તે ધર્મ છે; તેમાં આત્માની ઉપલબ્ધિ છે.

કર્મરહિત ને અનંત આનંદસહિત જે જ્ઞાનમૂર્તિ આત્મા, તેની અનુભૂતિમાં આનંદની લહરી ઊઠે છે. આત્મઅનુભૂતિમાં તો શાંતરસની તીવ્ર જળધારા સતત વરસે છે, ને ભવનો દાવાનળ ઠરી જાય છે. આવી દશાવાળા જીવને સંયમ અને ચારિત્ર હોય છે.

શુભવિકલ્પો તે કાંઈ ચારિત્ર કે જ્ઞાન નથી, તેમાં કાંઈ આનંદની ધારા નથી, ને તે કાંઈ વીતરાગમાર્ગ નથી; અંતરમાં આત્માની ઉપલબ્ધિથી થતું જે જ્ઞાન અને ચારિત્ર, તેમાં આનંદની ધારા ઉલ્લસે છે, તે જ વીતરાગમાર્ગ છે. બાપુ! તારો માર્ગ ને વીતરાગ–માર્ગ જરાય જુદા નથી. જુદાપણું ભાસે તો માર્ગ સાચો નથી.

રાગની વાત જુદી છે, જ્ઞાનની જાત જુદી છે; બંનેની જુદાઈને અનુભવીને જ્ઞાનમાં જે એકાગ્રતા થઈ તે ચારિત્ર છે, તેમાં આનંદની ધારા વરસે છે, તે વીતરાગનો સાક્ષાત્ માર્ગ છે.

રાગમાં તો ભવનો દાવાનળ છે; તે અશુભ હો કે શુભ, તેમાં ચૈતન્યની શાંતિ જરાય નથી. તે દાવાનળ જ્ઞાનવડે જ બુઝાય છે. અંતરમાં આખો શાંતરસનો સમુદ્ર આત્મા, તેને સમ્યગ્જ્ઞાનવડે પ્રાપ્ત કરીને અનુભવમાં લેતાં શાંતરસની જોરદાર ધારા વરસીને ભવના દાવાનળને બુઝાવી નાખે છે. સ્વાનુભૂતિમાં ધર્મીને કોઈ અલૌકિક શાંતિ છે.

ચૈતન્યસૂર્યમાંથી જે જ્ઞાનનાં કિરણ ફૂટયાં તે અજ્ઞાનઅંધકારને દૂર કરે છે; ત્યાં સ્વભાવસન્મુખ એકાગ્રતાથી ઝડપથી શાંતરસની ધારા ઊછળે છે. પરિણતિ પરભાવોથી છૂટીને એવી ઝડપથી અંતરમાં વળી કે શાંતરસનો ધોધમાર વરસાદ વરસ્યો, ને અનાદિના પરભાવની આકુળતાને ધોઈ નાંખી. –આવી જ્ઞાનીની દશા છે. અને આવા જ્ઞાનીને આત્માના ચારિત્રમાં આનંદની ધારા વરસે છે. જ્ઞાનીના ચારિત્રની અદ્ભુત આનંદધારાને અજ્ઞાનીઓ

ક્યાંથી ઓળખી શકે ? અંતરમાં જઈને રાગથી પાર જ્ઞાનનો પોતે અનુભવ કરે તો જ તેની ખબર પડે. અજ્ઞાનમાં રહીને જીવ ગમે તેટલું કરે પણ તેને શાંતિ કે આનંદનો અનુભવ થાય નહીં. સમ્યગ્જ્ઞાનીએ જ્ઞાન અને રાગની ભિન્નતારૂપ ભેદજ્ઞાનની ચાવીવડે આત્માના નિધાનનો કબાટ ખોલી નાંખ્યો છે, તે પોતાના આનંદને પોતામાં દેખે છે.

અહા ! ચૈતન્યનો આવો આનંદ ! અને તેને બતાવનારી વીતરાગની વાણી ! તેને ઝીલવા માટે મહાન પાત્રતા જોઈએ. સિંહણના દૂધ જેવી વીતરાગની વાણી, અને વીતરાગના ભાવ, તેને ઝીલવા માટે વીતરાગપરિણતિરૂપ સોનાનું પાત્ર જોઈએ; તે રાગરૂપ લોઢાના પાત્રમાં ન રહે. રાગની રુચિવાળો જીવ વીતરાગની વાણીને ઝીલી શકે નહીં, તેની પરિણતિમાં આનંદરસની ધારા ઝીલાય નહીં; ચૈતન્યસ્વભાવમાં સ્વસન્મુખ થઈને, રાગથી ભિન્ન થયેલી જે શુદ્ધજ્ઞાનપરિણતિ, તે જ ચૈતન્યની ધોધમાર આનંદધારાને ઝીલે છે, તે જ વીતરાગની વાણીને ઝીલે છે.

અહો, સમયસાર–નિયમસારરૂપી આ અધ્યાત્મશાસ્ત્રો તો અમૃતના દરિયા છે... કેમકે તેમાં કહેલા ચૈતન્યભાવને સમજતાં સમ્યગ્જ્ઞાનમાં આનંદનો સમુદ્ર ઉલ્લસે છે... આવા ચૈતન્યસમુદ્રમાં જે ડુબકી મારે છે તેને જ સંયમરૂપી રત્નમાળા પ્રાપ્ત થાય છે. બાપુ ! તારા ચૈતન્યસમુદ્રમાં એકવાર નજર તો કર ! તને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી રત્નમાળા પ્રાપ્ત થશે... ને તું મોક્ષનો સ્વામી થઈશ. જુઓ, આવી જ્ઞાનદશાવાળા જીવને જ આનંદમય ચારિત્રદશા હોય છે; બીજાને તે ચારિત્રની ખબર નથી.

ચારિત્રવંત મુનિવરોના ચિત્તમાં કોણ વસે છે ? તે ચારિત્રવંત મુનિવરોના ચિત્તમાં પોતાનું પરમ આત્મતત્ત્વ જ વસે છે; પરમતત્ત્વ સિવાય કોઈ રાગાદિ પરભાવો એમના ચિત્તમાં વસતા નથી. અહા ! જેની જ્ઞાનપર્યાયમાં પરમાત્મા વસે છે, જેની જ્ઞાનપર્યાયમાં સંસાર વર્તતો નથી, –આવા મુનિને મોક્ષસુખના કારણરૂપ ચારિત્ર હોય છે. મુનિવરોના ચિત્તમાં જેનો વાસ છે એવા આ પરમાત્મતત્ત્વને હું સદાય નમું છું...મારી જ્ઞાનપર્યાયને અંતર્મુખ કરીને, તેમાં હું મારા પરમાત્માને અનુભવું છું. અહો ! મેં મારી જ્ઞાનપર્યાયમાં મારા પરમાત્માને વસાવ્યા છે, રાગનો તેમાં વાસ નથી. રાગને જુદો જાણીને પરમાત્મતત્ત્વમાં મારી જ્ઞાનપર્યાયને એકાગ્ર કરતાં અપૂર્વ આનંદની ધારા મારામાં વરસે છે. આવી આનંદ–રસની ઉગ્રધારા જ્યાં વરસે ત્યાં જ ચારિત્ર હોય છે, ને તે ચારિત્ર મોક્ષસુખનું કારણ છે. માટે હું–આત્મા મારી પર્યાયવડે મારા પરમાત્મતત્ત્વને નમું છું.

# ‘હું અનુભવું છું મારા ચૈતન્યસુખને’

[ સોનગઢમાં કહાનસોસાયટીમાં દહેગામવાળા ભાઈશ્રી હીરાલાલ ભીખાભાઈના મકાન “સુશ્રુત”ના વાસ્તુપ્રસંગે મંગલ પ્રવચનમાંથી : નિયમસાર કળશ ૧૯૯, આસો સુદ બીજ ]

અહા, આ ચૈતન્યસંપદા પાસે જગતની કોઈ સંપદાની કિંમત નથી. જેણે અંતરની અનુભૂતિવડે આવી ચૈતન્ય-સંપદાવાળો આત્મા પ્રાપ્ત કર્યો તે જ સાચો લક્ષ્મીવાન છે; બાકી બહારના સંયોગથી મોટાઈ લેવા માંગે તે તો બધા દરીદ્ર છે. ભગવાન! તું ગરીબ નથી, દીન નથી, તું તો ચૈતન્ય સંપદાથી ભરેલો ભગવાન છો... સુખની સંપદા તો તારામાં જ ભરી છે. જ્ઞાનને અંતરમાં વાળીને તારા સ્વરૂપની સમાધિવડે તેને જાણ... તારો આનંદમય આત્મવૈભવ, ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ, તે તારી જ સમાધિનો વિષય છે–એટલે તારા અંતર્મુખ ઉપયોગમાં જ તે પ્રાપ્ત થાય છે; એ સિવાય બીજા કોઈ ઉપાયથી તેની પ્રાપ્તિ થતી નથી. માટે અંતરના ઉપયોગવડે સુખસંપદાથી ભરપૂર તારા ‘ચૈતન્યધામ’માં આનંદથી વસ! હવે તારા આનંદધામમાં વાસ્તુ કર!

અનંત ચૈતન્યશક્તિથી ભરપૂર પોતાની પ્રભુતાને ભૂલીને જીવ સંસારની ચાર ગતિમાં જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં શુભાશુભરાગના ફળરૂપ દુઃખને જ અનુભવ્યું છે. અરેરે, આત્મા તો ચૈતન્યસ્વરૂપ વિશુદ્ધ સુખધામ છે; તેને ભૂલીને અત્યાર સુધી મેં ઝેરીવૃક્ષનાં ફળ જેવા દુઃખને અનુભવ્યું; પણ હવે હું તે ભૂલને છોડું છું ને મારા શુદ્ધ ચૈતન્યસુખને અનુભવું છું. મારી અનુભૂતિમાં ભવનાં દુઃખનો અભાવ છે. ચૈતન્ય-સ્વભાવના અમૃતને ચૂકીને ચારેગતિ તરફનો ભાવ તે વિષવૃક્ષ છે, તેનું ફળ દુઃખ દુઃખ ને દુઃખ જ છે,–ભલે સ્વર્ગમાં હો, ત્યાં પણ જીવ અજ્ઞાનભાવથી દુઃખી જ છે, પણ જ્યાં ચૈતન્યશક્તિનું ભાન થયું, પોતે પોતાની પ્રભુતા દેખી, ત્યાં પોતાના આત્મામાંથી

જ અનુપમ અતીન્દ્રિય રાગવગરનું મહાન સુખ ઉત્પન્ન થયું, તે શુદ્ધ સુખને જ હું અનુભવું છું. જુઓ, આ ધર્માત્માનો અનુભવ!

બાપુ! તારા સુખની ઉત્પત્તિ તો આત્મામાંથી થાય, કે બહારમાંથી આવે? અરિહંતોને જે કેવળજ્ઞાનાદિ અનંતસુખથી ભરપૂર લક્ષ્મી પ્રગટી તે ક્યાંથી આવી? રાગ તો છે નહીં, વિષયો તરફ વલણ નથી; અંતરના ચૈતન્યના વેદનમાંથી જ પરમ સુખ આવે છે. આવા ચૈતન્યના વેદન સિવાય બીજી તરફ લક્ષ જઈને જે વેદન થાય તે તો ઝેરી ફળ જેવું દુઃખ છે; એવા સમસ્ત પરાશ્રિત ભાવને દુઃખરૂપ જાણીને ધર્મી છોડે છે, ને અંતર્મુખ પોતાના ચૈતન્યતત્ત્વના વેદન વડે આત્માના શુદ્ધસુખને અનુભવે છે. આવા અનુભવનું નામ સમાધિ છે, તેમાં શાંતિ છે; તે સ્વઘરમાં વાસ્તુ છે.

અરે જીવ! અનંતકાળથી શાંતિ માટે તલસતો તું તારી તરસ છીપાવવા તારા અંતરમાં ઊતરીને ચૈતન્યસરોવરના અતીન્દ્રિયરસનું પાન કર. તારી અંદર મીઠા મધુરા આનંદરસના સરોવર ભર્યા છે, તેમાં ઊતરીને પાણી પીતો નથી, ને મૃગજળ જેવા બહારના શુભ–અશુભ વિષયો તરફ દોડીદોડીને તું દુઃખી થાય છે. પણ તારો આત્મા તે શુભ–અશુભ રાગસ્વરૂપ નથી, તારો આત્મા તો શાંત–શાંત ચૈતન્યરસથી ભરેલો છે. તારી રુચિ તે પરભાવમાંથી ફેરવીને, તારા ચૈતન્યમાં રુચિ કર. આનંદરસનું ધામ તું પોતે જ છો. આનંદ–જ્ઞાન–શાંતિ એવા અનંતરસ તારામાં ભરેલા છે. અંદર એકવાર નજર કર. આ શરીરના સ્થાને જ (પણ શરીરથી તદ્દન જુદો) તું પોતે અંતરમાં ચૈતન્યરસથી ભરેલો છો... રાગથી પણ તારો ચૈતન્યરસ જુદો છે.–આમ ચૈતન્યસ્વરૂપના સુખને તું અનુભવમાં લે.

બસ, હવે મેં મારું પડખું ફેરવ્યું છે; વિભાવથી વિમુખ થઈને હું મારા સ્વભાવની સન્મુખ થયો છું. મારા ચેતનસ્વભાવમાં અતીન્દ્રિય સુખની સુગંધ ભરી છે, પરભાવની તેમાં ગંધ પણ નથી. અનાદિથી પરભાવના પડખે સૂઈને દુઃખી થયો હતો; હવે પરભાવનું પડખું છોડીને, મારા ચૈતન્યસ્વભાવનાં પડખે હું અતીન્દ્રિય સુખને અનુભવું છું. આત્માના અનુભવમાં તો આનંદના ઝરણાં ઝરે છે.

આત્મામાંથી શું નીકળે? આત્મામાંથી તો ચૈતન્યસુખ નીકળે. ધ્રુવસ્વભાવના આશ્રયે પરિણતિ એકાકાર થતાં તે પર્યાય અતીન્દ્રિય આનંદરૂપ થઈ ગઈ છે. જેમાં અતીન્દ્રિય આનંદ ન આવે તે જ્ઞાન નહીં. અંતર્મુખ જ્ઞાનની સાથે આત્માના અનંત રસ ભર્યા છે, તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાય છે, તેમાં પરમ આનંદ છે. આવા

આનંદના વેદન સહિત આત્માનું જ્ઞાન પ્રગટે છે. આનંદ વગરનું જ્ઞાન તે સાચું જ્ઞાન નથી.

ભાઈ, તારે સુખી થવું છે ને? સુખની ઉત્પત્તિ તો તારા આત્મામાંથી થાય છે, માટે ઉપયોગને આત્મામાં જોડ, ચૈતન્યસરોવર પરમ આનંદથી ભરેલું છે; સિદ્ધભગવંતોએ જે આનંદ પ્રગટ કર્યો તે આનંદ ચૈતન્યસરોવરમાં ભરેલો છે; તે ચૈતન્યસરોવરથી બહાર દોડયે તને ક્યાંય સાચી શાંતિનાં જળ નહીં મળે. સાચી શાંતિ માટે અંદર તારા ચૈતન્યસરોવરમાં જા.

ચૈતન્યસુખને અનુભવતાં જ જ્ઞાનીને એમ થાય છે કે અહો! મારો આવો અચિંત્ય પરમ આનંદ મારામાં જ હોવા છતાં અત્યાર સુધી મારા સુખને ભૂલીને હું દુઃખી થયો હતો. અહો! હવે તો ચૈતન્યભગવાન નિજાત્મગુણોના વૈભવ સહિત મારા અંતરમાં સ્ફૂરાયમાન થયા છે... સમ્યગ્દર્શનની મારી અનુભૂતિમાં મારી આત્મસંપદા પ્રગટ થઈ છે; મારી સંપદા મેં મારામાં દેખી છે; તેના પરમ આનંદને અનુભવતો હું હવે વિભાવનાં ઝેરીફળને ભોગવતો નથી. તેને મારાથી ભિન્ન જાણું છું.

અહો, આવી ચૈતન્યસંપદા! તે ધર્માત્માની અનુભૂતિનો જ વિષય છે; રાગનો વિષય તે નથી; રાગથી પાર એવી જે નિર્વિકલ્પ સમાધિ, તેમાં પોતાની ચૈતન્યસંપદાને ધ્યેય બનાવતાં સમ્યગ્દર્શન અને પરમ આનંદ પ્રગટ થાય છે. પૂર્વે એક ક્ષણ પણ આવી ચૈતન્યસંપદાને મેં જાણી ન હતી; પણ હવે તે ચૈતન્યસંપદા મારી નિર્વિકલ્પ સમાધિમાં પ્રગટ થઈ છે, સાક્ષાત્ અનુભવમાં આવી ગઈ છે.

અહા, આ ચૈતન્યસંપદા પાસે જગતની કોઈ સંપદાની કિંમત નથી. જેણે અંતરની અનુભૂતિવડે આવી ચૈતન્યસંપદાવાળો આત્મા પ્રાપ્ત કર્યો તે જ સાચો લક્ષ્મીવાન છે; બાકી બહારના સંયોગથી મોટાઈ લેવા માંગે તે તો બધા દરીદ્ર છે. ભગવાન્! તું ગરીબ નથી, દીન નથી, તું તો ચૈતન્યસંપદાથી ભરેલો ભગવાન છો... સુખની સંપદા તો તારામાં જ ભરી છે. જ્ઞાનને અંતરમાં વાળીને તારા સ્વરૂપની સમાધિવડે તેને જાણ... તારો આનંદમય આત્મવૈભવ, ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ, તે તારી જ સમાધિનો વિષય છે. –એટલે તારા અંતર્મુખ ઉપયોગમાં જ તે પ્રાપ્ત થાય છે; એ સિવાય બીજા કોઈ ઉપાયથી તેની પ્રાપ્તિ થતી નથી. માટે અંતરના ઉપયોગવડે સુખસંપદાથી ભરપૂર તારા ‘ચૈતન્યધામ’માં આનંદથી વસ! હવે તારા આનંદધામમાં વાસ્તુ કર!

# જગી ઉરમાંહિ સમકિત-કલા સોહની

[ શ્રીગુરુ સાધક થવા માટે વૈરાગ્યરસભીની પ્રેરણા આપે છે[

[ સમયસાર–નાટક પાનું ૩૩૭–૩૩૮–૩૩૯, ભાદ્ર. વદ ૧૧–૧૨ ]

ચૌદ ગુણસ્થાનમાં ચોથા ગુણસ્થાનેથી મોક્ષનું આરોહણ શરૂ થાય છે, ને તે જીવ મોક્ષનો સાધક થાય છે. ચોથા ગુણસ્થાને ધર્મીજીવના અંતરમાં અત્યંત શોભિત એવી સમ્યક્ત્વકળા જાગી છે. અહા, અનંતશક્તિવાળા ચૈતન્યસૂર્ય આત્મામાંથી સમ્યક્ત્વનાં કિરણ ફૂટયા.

મુમુક્ષુ–ભવ્યજીવના ઉજ્વળ મનરૂપી જે છીપ, તેમાં શ્રીગુરુના વચનરૂપી સ્વાતિબિંદુ પડતાં સમ્યક્ત્વરૂપી મોતી પાકે છે. અહા, સમ્યગ્દર્શન થતાં અનંતગુણમાંથી આનંદનાં કિરણ ફૂટયા, આત્મામાં સાચા જ્ઞાનમોતી પાક્યાં. શ્રીગુરુના સત્યઉપદેશના ઊંડા મનનથી અંતરમાં ત્રણ કરણસહિત સમ્યગ્દર્શન કિરણ જાગે છે.

જેના અંતરમાં સમ્યગ્દર્શનરૂપ કિરણ જાગ્યું તે નિઃશંક અનુભવે છે કે મારી મુક્તિ હવે અત્યંત નજીક છે. એવો જીવ શ્રીગુરુનાં વચન ઝીલીને અંતરના સ્વાનુભવમાં સમ્યક્ત્વનાં સાચાં મોતી પકાવે છે. જેમ અમુક માછલીની તાકાત છે કે તેના પેટમાં મોતી પાકે, ને ત્યાં સ્વાતિબિંદુંનું જ નિમિત્ત હોય. તેમ ધર્મીજીવ સમ્યક્ત્વનાં મોતી પકાવવા તૈયાર થયો, ત્યાં શ્રીગુરુનાં ચૈતન્યસ્પર્શી વચનરૂપી સ્વાતિબિંદુ નિમિત્તરૂપ હોય છે, તેને ઝીલીને, અંતર્મુખ પરિણતિવડે તે જીવ પોતાના અંતર્માં સમ્યગ્દર્શનનું મોતી પકાવે છે.

અહો, સમ્યક્ત્વની કળા કોઈ અલૌકિક અચિંત્ય છે. શ્રીગુરુની વીતરાગીવાણી આવી સમ્યક્ત્વકળા બતાવીને જગતના જીવોને હિતમાર્ગ દેખાડે છે. શ્રીગુરુનાં વચન તો આવા છે, ને તેને ઝીલનારો ભવ્યજીવ પણ સાચા મોતીની છીપ જેવો છે; તે વાણીદ્વારા શુદ્ધાત્માનું સ્વરૂપ ઝીલીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

આવું સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે શ્રીગુરુ જીવને જગાડે છે કે અરે ચેતનજી! તમે હવે જાગી જાઓ! આ સંસારની ધનસંપત્તિની માયામાં કેમ લાગી રહ્યા છો? ને નિજ ચૈતન્યસંપત્તિને કેમ ભૂલી રહ્યા છો? તે માયા છોડો! ને નિજ–

સંપત્તિને સંભાળો. ચૈતન્યની સંપદાનો અનુભવ કરીને સાધકભાવ પ્રગટ કરો. આત્મહિતમાં મસ્ત થાઓ; રાગથી અલગ તમે તો ચૈતન્ય છો. માટે પરનો સંબંધ છોડી, રાગ–દ્વેષના બંધન તોડીને, જ્ઞાનસ્વરૂપ તમારા આત્માને આનંદથી સાધો. આત્મબળ જાગૃત કરીને મોહને તોડો ને સમ્યક્ત્વકિરણ પ્રગટ કરીને સુખી થાઓ.

વાહ, જુઓ તો ખરા, આત્મહિત માટે શ્રીગુરુનો વીતરાગી ઉપદેશ! તારે જ્ઞાન–આનંદથી ભરેલા ચૈતન્યભંડારનો અનુભવ કરવો હોય તો ધનદોલત, દેહ અને રાગ બધાયની રુચિ તોડીને અંતરમાં આત્મા પાસે આવ. આખા જગતનો રસ છોડીને ચૈતન્યનો રસ એવો પ્રગટાવ કે તેમાં ઉપયોગની એકાગ્રતા થાય. આવો આત્મપ્રેમ પ્રગટાવીશ ત્યારે સાધકદશા શરૂ થશે, ત્યારે ચૈતન્યસંપત્તિનું સાચું સુખ પ્રગટશે.

એકકોર ભગવાન આતમરામ, બીજી કોર સંકલ્પવિકલ્પથી માંડીને આખુંય જગત; તેમાંથી એક ચીજ પસંદ કરી લે. તારે આતમરામ જોઈતો હોય તો એના સિવાય જગતની બીજી કોઈ ચીજનો પ્રેમ નહીં પાલવે; ને જો જગતની કોઈ ચીજમાં સુખ માનીને તેની પ્રીતિ કરીશ તો તારો આતમરામ તને અનુભવમાં નહીં આવે. લક્ષ્મી અને રાગાદિભાવોની જાત જ તારાથી જુદી છે, તેમાંથી તને સુખ કદી મળવાનું નથી. આ લોકના કુટુંબી સંસારી જીવો તો પોતાના સ્વાર્થના સગાં છે, તેનો નેહ તોડીને તું તારા અધ્યાત્મિક પરમાર્થરસમાં મસ્ત થા ને તારા આત્મહિતને સાધ. તારે સાધક થવું હોય તો આત્માનું બળ પ્રગટ કરીને જગતનો સંબંધ છોડ ને તારા ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને જોડ.

આ રીતે શ્રીગુરુનો પરમ વૈરાગ્યરસભીનો ઉપદેશ ઝીલીને, મુમુક્ષુ ભવ્યજીવ આત્મસન્મુખ થઈ અપૂર્વ સમ્યક્ત્વકળા પ્રગટ કરીને સાધક થાય છે.

**ધન્ય શ્રીગુરુ! ધન્ય સાધક!**

卐

અહા, હું મુમુક્ષુ થઈને મારા ચૈતન્યના પરમાર્થરસમાં મસ્ત થયો, ત્યાં જગતના લોકો સાથે મારે કાંઈ જ નાતો નથી. મારી રુચિ મારા આત્મામાં વળી ગઈ છે, ત્યાં હવે કોઈ પરચીજનો પ્રેમ મને રહ્યો નથી. જગતથી અલિપ્ત મારા ચૈતન્યરસમાં જ મારો આત્મા સાવધાન છે. જગતના લોકને રીઝવવાની, કે જગતના લોકથી રીઝવાની બુદ્ધિ છોડીને, નિર્ભયપણે મારા ચૈતન્યસ્વરૂપને હું ઉગ્ર પ્રયત્નથી સાધું છું. મારો આત્મા પોતે રીઝીને આનંદરૂપ કેમ થાય? તે જ મારું પ્રયોજન છે.

અહા, ચૈતન્યવસ્તુ અનંતઅનંત જ્ઞાન–આનંદના નિધાનથી ભરપૂર છે; તે પોતે પોતાને દેખતાં જ પર્યાયમાં મુક્તિનું સુખ અનુભવાય છે. ચૈતન્યના કોઈ અલૌકિક ચમત્કારને જ્ઞાની અનુભવે છે. આવો આત્મઅનુભવ ભવભવના પરિતાપથી રહિત છે. આવા ચૈતન્યઅનુભવવડે સંતોએ અંતરમાં સિદ્ધની સાથે દોસ્તી કરી છે.

અહો, અંતરમાં જોતાં જ મારા આત્મામાં નિજઆત્મગુણોની અચિંત્ય સંપદા સ્ફૂરાયમાન થઈ છે. આવી ચૈતન્યસંપદા જ્યાં સ્ફૂરી ત્યાં સંસારસંબંધી કલ્પિતસુખોની તૂચ્છવૃત્તિ છૂટી જાય છે. ચૈતન્યનું જે સુખ છે તે જ પરમ સત્ય સુખ છે, એની પાસે સ્વર્ગાદિનાં કલ્પિત સુખો તો સાવ તૂચ્છ છે; ખરેખર તે સુખ નથી; ચૈતન્યસુખનો સ્વાદ આવતાં જ સમસ્ત સંસારના ઈન્દ્રિયવિષયોમાં કે શુભાશુભરાગમાં સુખની મિથ્યાકલ્પના છૂટી જાય છે. આત્માની કોઈ અગાધ શક્તિ છે કે જેના વેદનમાં સંસારના કોઈ પરભાવ રહી શકતા નથી, એકલી સ્વાભાવિક આનંદસંપદાને જ ધર્મીજીવ પોતાના અંતરમાં અનુભવે છે.

સ્વાનુભવી ધર્માત્મા નિઃશંક જાણે છે કે મારી ચૈતન્યસંપદા મારા હૃદયમાં સ્ફૂરાયમાન થઈ છે,–મને પ્રગટ અનુભવમાં આવી છે. અરે, પૂર્વે મારી આવી ચૈતન્યસંપદાને મેં ક્ષણમાત્ર જાણી ન હતી.–પણ હવે મારા હૃદયમાં મેં મારી ચૈતન્યસંપદાને જાણી લીધી, એટલે પૂર્વે ન જાણી તેનું પ્રાયશ્ચિત્ત થઈ ગયું. હવે તો ચૈતન્યની અનુભૂતિમાં પરમસમાધિ થઈ છે, વિષ જેવા દુઃખમય વિભાવોથી પાર એવા ચૈતન્યસ્વરૂપ આત્માના વિશુદ્ધ સુખને હું અનુભવું છું. આવા અનુભવનું નામ મોક્ષમાર્ગ છે. આવું સુખ સ્વાનુભવવડે ધર્મીને પોતામાંથી જ સ્ફૂરે છે. એ કોઈ રાગનો વિકલ્પનો વિષય નથી; પોતાની જ ચેતનાપર્યાય નિર્વિકલ્પ સમાધિરૂપ થઈને પોતાના આવા આત્માને ધ્યેય બનાવે છે ને ત્યાં ચૈતન્યના આનંદરસના પરમ અમૃતની ધારા વરસે છે.

### –તૈયાર થા

રે જીવ! ભવની મૂર્તિ એવા શરીરને આત્મભાવનાપૂર્વક છોડ તો ભવનો અભાવ થવાનું તને નક્કી થઈ જશે. અનંતા જીવો શરીર છોડીને સિદ્ધપદને પામ્યા છે.... એવા સિદ્ધપદને સાધવા માટે હવે તું તૈયાર થા...તૈયાર થા.

# 卐 ભગવાનને ભેટવાની રીત 卐
# સ્વદ્રવ્યાશ્રિત ભાવમાં બધા ધર્મો સમાય છે

[ નિયમસાર ગા. ૧૧૯, ભાદ્ર. વદ ૧૦ ]

પોતાના આત્મસ્વરૂપને અવલંબનારા અંતર્મુખ ભાવવડે સર્વે પરભાવનો ત્યાગ થઈ જાય છે તેથી ધ્યાન તે સર્વસ્વ છે, શુદ્ધઆત્માના અંતર્ધ્યાનમાં બધા નિશ્ચયધર્મો સમાઈ જાય છે. આવા ધ્યાન માટે પહેલાં આત્માનું સ્વરૂપ કેવું છે તે બરાબર નિર્ણયમાં લેવું જોઈએ.

જે પર્યાય અંતરમાં પરમસ્વભાવની સન્મુખ થઈ તે પર્યાય પણ સર્વે વિભાવથી છૂટી પડી ગઈ, આવી પર્યાય તે પણ આત્માનો જ સ્વભાવ છે, તે ધર્મ છે. તે ધર્મપર્યાયમાં કોઈ બીજાનું આલંબન નથી, તે પોતાના પરમ શુદ્ધસ્વરૂપને જ અવલંબે છે. માટે તું બીજા બધાયને ઓળંગીને તારા જ્ઞાનસ્વરૂપ આત્મામાં દ્રષ્ટિ કર, તેને અનુભવમાં લે, તેને ધ્યેય બનાવીને ધ્યાવ. આવું શુદ્ધાત્મધ્યાન તેમાં મોક્ષમાર્ગ સમાય છે, તેથી તે ધ્યાન સર્વસ્વ છે. સામયિક કહો, ચારિત્ર કહો, સમ્યગ્દર્શન–જ્ઞાન કહો, વીતરાગતા કહો, પરમ આનંદ કહો, પ્રાયશ્ચિત્ત કહો–એ બધુંય તે ધ્યાનમાં સમાય છે.

સમસ્ત પરભાવોથી પાર, પર્યાયના ભેદોથી પાર, પોતાના પરમપ્રસિદ્ધ આત્મ–સ્વરૂપને એક સેકંડમાં પકડીને અનુભવ કરવા આત્મા સમર્થ છે. પોતાનો આત્મા અંદર વિદ્યમાન છે, તેની સન્મુખ થઈને નિકટભવ્યજીવો તેને ધ્યાવે છે. આવી ધ્યાનદશાવડે પોતાના શુદ્ધસ્વદ્રવ્યને અવલંબનારો જીવ સમસ્ત શુભાશુભરાગાદિ પરભાવોને તે ક્ષણે જ છોડે છે. અંતરના સ્વભાવમાં જે પર્યાય ગઈ તે પર્યાયમાં રાગાદિ બાહ્યભાવો રહેતા જ નથી, તેથી તે પર્યાયમાં બધા ધર્મો આવી જાય છે, રાગાદિ કોઈ ઉદયભાવો તેમાં નથી આવતા.

અહો, આ ધર્મની રીત તો જુઓ! આત્મામાં જ એવી તાકાત છે કે પોતે પોતામાં એકાગ્ર થઈને આનંદભાવરૂપ પરિણમે; ને પરભાવોને પોતામાં આવવા ન દ્યે. જેણે પોતાના

આત્માનો જ આશ્રય લીધો છે, એટલે કે પોતાના પરમ શુદ્ધસ્વરૂપને જ જે અનુભવે છે તે જીવને બીજા કોઈ ભાવનું આલંબન નથી. બસ, પર્યાયે આલંબન લીધું પોતાના જ દ્રવ્યનું; દ્રવ્ય–પર્યાય વચ્ચે જ આનંદની રમત રહી, તેમાં ત્રીજું કોઈ વચ્ચે નથી. ભગવાન આત્મા જ પોતાની અંતરપરિણતિના બળે પરભાવોને ભિન્ન કરવા સમર્થ છે. એનામાં એવી અચિંત્ય તાકાત છે કે સ્વાનુભૂતિના એક ટંકારે મિથ્યાત્વાદિ ભાવોને નષ્ટ કરી નાંખે છે. આવા નિજસ્વરૂપને પહેલાં ધીરજથી બરાબર સમજી લેવું ને પછી ગાયની જેમ શાંતિથી અંદર વાગોળવું...ને અનુભવમાં લેવું.

વાહ રે વાહ! કેવો મજાનો સર્વજ્ઞનો માર્ગ! સર્વજ્ઞનો માર્ગ કહો કે ભગવાન બનવાનો માર્ગ કહો. આવો સરલ માર્ગ આત્મામાં પોતામાંથી જ પ્રગટે છે. પોતાનો માર્ગ પોતામાં જ સમાય છે; તેમાં કોઈ બીજાનો આશરો લેવો પડે તેવું નથી. આત્મા પોતે જ સ્વાધીન બેહદ તાકાતવાળો છે. તે જ્યાં પોતે પોતાના સ્વરૂપની સન્મુખ થયો ત્યાં અજ્ઞાન વગેરે બધા પરભાવો વ્યય પામી જાય છે–છૂટી જાય છે. પરભાવોને છોડવાની રીત એક જ–કે પોતાના શુદ્ધસ્વદ્રવ્યનું અવલંબન કરવું. જે પરિણતિ અંતર્મુખ થઈને સ્વદ્રવ્યમાં જ તલ્લીન રહે તેમાં પરભાવ હોતા જ નથી; તે પરિણતિમાં તો પોતાના ભગવાનનો ભેટો થયો છે, તેથી તેને આત્માનું સર્વસ્વ કહ્યું છે. “આત્મસ્વરૂપનું ધ્યાન તે સર્વસ્વ છે.” પરમ પારિણામિકસ્વભાવનાં રત્નો તે ધ્યાનમાં પ્રગટે છે. આત્મસ્વરૂપને અવલંબનારા જેટલા ભાવો છે તે ધર્મધ્યાન છે. તે ભાવથી સમ્યગ્દર્શન પ્રગટે છે, પરમઆનંદ, વીતરાગતા, કેવળજ્ઞાન વગેરે બધુંય તે સ્વદ્રવ્યાશ્રિત ભાવથી જ પ્રગટે છે; ને તે ભાવમાં સર્વે પરભાવોનો ક્ષય કરવાની તાકાત છે. ધર્મીને અભેદઅનુભૂતિમાં ક્ષાયિકાદિ નિર્મળભાવો પ્રગટે છે, પણ તે પર્યાયના ભેદો ઉપર તેનું લક્ષ નથી.

બાપુ, તારો આત્મા જ તારા આનંદનો આધાર છે; તારા જ્ઞાનનો, તારી શ્રદ્ધાનો, તારા ચારિત્રનો, તારા સમસ્ત શુદ્ધભાવોનો આધાર તારો અખંડ આત્મા જ છે, તેનું અવલંબન કર; બીજા કોઈના અવલંબનની બુદ્ધિ છોડ અહો, પોતાના આવા પરમસ્વભાવના અચિંત્ય મહિમાને અંદરમાં વાગોળતાં પરિણામ તેમાં એકાગ્ર થાય છે, ત્યાં પરભાવો છૂટીને, સહજ સ્વરૂપમાં ઉપયોગની એકાગ્રતારૂપ ધ્યાન થાય છે, તે ધ્યાનમાં પરમ આનંદરસની ધારા વરસે છે. તેથી આચાર્યભગવાન કહે છે કે અહો! આવું ધ્યાન તે સર્વસ્વ છે. આવા ધ્યાનવડે પોતામાં જ ભગવાન આત્માના ભેટા થાય છે. આ ભગવાનને ભેટવાની ( ને પરભાવોને મેટવાની ) રીત છે.

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

**સમકિતસહિત આચાર હી સંસારમેં ઇક સાર હૈ.**
**જિનને કિયા આચરણ ઉનકો નમન સોસો વાર હૈ;**
**ઉનકે ગુણોંકે કથનસે ગુણગ્રહણ કરના ચાહિએ,**
**અરૂ પાપિયોંકા હાલ સુનકે પાપ તજના ચાહિએ.**

[ પ્રથમ નિઃશંકઅંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા, બીજી નિઃકાંક્ષઅંગમાં પ્રસિદ્ધ સતી અનંતમતિની કથા, ત્રીજી નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા, ચોથી અમૂઢદ્રષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા, પાંચમી ઉપગૂહન અંગમાં પ્રસિદ્ધ જિનભક્ત શેઠની કથા, છઠ્ઠી સ્થિતિકરણ અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા, તથા સાતમી વાત્સલ્યઅંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા આપે વાંચી; હવે આઠમી છેલ્લી કથા આપ અહીં વાંચશો. ]

## ( ૮ ) પ્રભાવના-અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિની કથા

અહિછત્રપુરમાં સોમદત્તમંત્રી હતા; તેની સગર્ભા સ્ત્રીને કેરી ખાવાની ઇચ્છા થઈ. હજી કેરી પાકવાની ઋતુ ન હતી, છતાં મંત્રીએ વનમાં જઈને તપાસ કરી તો આખા વનમાં એક ઝાડ ઉપર સુન્દર કેરી ઝૂલતી હતી. તેને આશ્ચર્ય થયું! તે ઝાડ નીચે એક જૈનમુનિ બેઠા હતા, તેના પ્રભાવથી તે ઝાડમાં કેરી પાકી ગઈ હતી. મંત્રીએ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને મુનિરાજ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યું, અને અત્યંત વૈરાગ્યવશ તે જ વખતે દીક્ષા લઈને મુનિ થયા ને પર્વતમાં જઈને આત્મધ્યાન કરવા લાગ્યા.

તે સોમદત્તમંત્રીની સ્ત્રી યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને લઈને મુનિરાજ પાસે ગઈ. પણ સંસારથી વિરક્ત મુનિએ તેની સામે જોયું નહીં. તેથી ક્રોધપૂર્વક તે સ્ત્રી બોલી કે–જો સાધુ થવું હતું તો મને શા માટે પરણ્યા? મારી જીન્દગી

કેમ બગાડી? હવે આ પુત્રનું પાલનપોષણ કોણ કરશે? એમ કહીને તેમના પગ પાસે જ બાળકને મૂકીને તે તો ચાલી ગઈ. એ બાળકનું નામ વજ્રકુમાર. તેના હાથમાં વજ્રચિહ્ન હતું.

અરે! વન-જંગલમાં બાળકની રક્ષા કોણ કરશે!

બરાબર તે જ વખતે દિવાકર નામનો વિદ્યાધર રાજા તીર્થયાત્રા કરવા નીકળેલો, તે મુનિને વંદન કરવા આવ્યો; અને અત્યંત તેજસ્વી એવા તે વજ્રકુમાર-બાળકને દેખીને તેડી લીધો. આવા પુત્રરત્નની પ્રાપ્તિ થવાથી રાણી પણ ખુશી થઈ. તેઓ તેને પોતાની સાથે જ લઈ ગયા, અને પુત્રની જેમ પાલન કરવા લાગ્યા. ભાગ્યવાન જીવોને કોઈને કોઈ યોગ મળી જાય છે.

વજ્રકુમાર યુવાન થતાં પવનવેગા નામની વિદ્યાધરી સાથે લગ્ન કર્યા ને તેણે અનેક રાજાઓને જીતી લીધા.

થોડા વખતે દિવાકર રાજાની સ્ત્રીને એક પુત્ર થયો. પોતાના આ પુત્રને જ રાજ્ય મળે એવી ઇચ્છાથી તે સ્ત્રીને વજ્રકુમાર પ્રત્યે દ્વેષ થવા લાગ્યો. એકવાર તે એમ બોલી ગઈ કે અરે! આ કોનો પુત્ર છે! ને અહીં આવીને હેરાન કરે છે!

એ સાંભળતાં જ વજ્રકુમારનું મન ઉદાસ થઈ ગયું. તેને ખાતરી થઈ કે મારા સાચા માતા-પિતા તો બીજા છે. વિદ્યાધર પાસેથી તેણે બધી હકીકત જાણી લીધી. તેને ખબર પડી કે મારા પિતા તો દીક્ષા લઈને મુનિ થયા છે. તરત જ વિમાનમાં બેસીને તે મુનિરાજ પાસે ગયો.

ધ્યાનમાં બિરાજમાન સોમદત્ત મુનિરાજને દેખીને તે ઘણો પ્રસન્ન થયો, તેનું ચિત્ત શાંત થયું, વિચિત્ર સંસાર પ્રત્યે તેને વૈરાગ્ય જાગ્યો, અને જાણે કે પિતા પાસેથી ધર્મનો વારસો માંગતો હોય! તેમ પરમ ભક્તિથી વંદન કરીને કહ્યું: હે પૂજ્ય દેવ! મને પણ સાધુદીક્ષા આપો! આ સંસારમાં આત્મા સિવાય બીજે ક્યાંય મને ચેન પડતું નથી.

દિવાકરદેવે તેને દીક્ષા ન લેવા ઘણું સમજાવ્યો, પણ તે વજ્રકુમારે તો દીક્ષા જ લીધી; સાધુ થઈને આત્માનું જ્ઞાન-ધ્યાન કરવા લાગ્યા, ને દેશોદેશ વિચરીને ધર્મપ્રભાવના કરવા લાગ્યા. એકવાર તેમના પ્રતાપે મથુરાનગરીમાં ધર્મપ્રભાવનાનો મોટો પ્રસંગ બન્યો. શું બન્યું? તે જોવા આપણી કથાને મથુરા નગરીમાં લઈ જઈએ.

મથુરાનગરીમાં એક ગરીબ અનાથ બાળકી એઠું જૂઠું ખાઈને પેટ ભરતી હતી, તેને દેખીને એક અવધિજ્ઞાની મુનિ બોલ્યા કે દેખો કર્મની વિચિત્રતા! આ જ છોકરી થોડા વખતમાં રાજાની પટરાણી થશે.

મુનિની એ વાત સાંભળીને બૌદ્ધભિક્ષુક તેને પોતાના મઠમાં લઈ ગયા ને તેનું લાલનપાલન કરવા લાગ્યા. તેનું નામ બુદ્ધદાસી પાડયું ને તેને બૌદ્ધધર્મના સંસ્કાર આપ્યા.

હવે તે જ્યારે યુવાન થઈ ત્યારે તેનું અત્યંત સુંદર રૂપ દેખીને રાજા મોહિત થઈ ગયો, અને તેની સાથે લગ્નની માંગણી કરી. પણ આ રાજાને ઉર્વિલા નામની એક રાણી હતી ને તે જૈનધર્મ પાળતી હતી, તેથી મઠના લોકોએ કહ્યું કે રાજા પોતે બૌદ્ધધર્મ સ્વીકારે અને બૌદ્ધદાસીને પટરાણી બનાવે તે શરતે લગ્ન કરીએ. કામાંધ રાજાએ તો વગર વિચાર્યે એ વાત સ્વીકારી લીધી. રે ધિક્કાર વિષયોને! વિષયાંધ જીવો સાચા ધર્મથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

હવે બુદ્ધદાસી રાજાની પટરાણી થઈ, તેથી તે બૌદ્ધધર્મનો ખૂબ પ્રચાર કરવા લાગી. એકવાર ઉર્વિલારાણી–કે જે જૈનધર્મની પરમ ભક્ત હતી, તેણે દર વર્ષની માફક અષ્ટાન્હિકામાં જિનેન્દ્રભગવાનની મોટી અદ્ભુત રથયાત્રા કાઢવાની તૈયારી કરી. પણ બુદ્ધદાસીથી તે સહન ન થયું. તેણે રાજાને કહીને તે રથયાત્રા અટકાવી અને બૌદ્ધની રથયાત્રા પહેલાં કાઢવાનું કહ્યુ. અરેરે! જૈનધર્મના પરમ મહિમાની એને ક્યાંથી ખબર હોય! ગાયનું દૂધ અને આકડાનું દૂધ–તેના તફાવતને બેભાન માણસ ક્યાંથી જાણે?

ભગવાનની રથયાત્રામાં વિઘ્ન થવાથી ઉર્વિલારાણીને બહુ દુ:ખ થયું અને રથયાત્રા ન નીકળે ત્યાં સુધી અનશનવ્રત ધારણ કરીને તે વનમાં સોમદત્તમુનિ તથા વજ્રકુમારમુનિના શરણમાં પહોંચી ગઈ; અને પ્રાર્થના કરી કે હે પ્રભો! જૈનધર્મ ઉપરનું સંકટ આપ દૂર કરો.

રાણીની વાત સાંભળીને વજ્રમુનિરાજના અંતરમાં ધર્મપ્રભાવનાનો ભાવ ઉલ્લસી આવ્યો. બરાબર એ જ વખતે દિવાકર રાજા વગેરે વિદ્યાધરો ત્યાં મુનિવંદન કરવા આવ્યા; વજ્રકુમારમુનિએ તેમને કહ્યું: રાજન્! તમે જૈનધર્મના પરમ ભક્ત છો, ને ધર્મ ઉપર મથુરાનગરીમાં સંકટ આવ્યું છે તે દૂર કરવા તમે સમર્થ છો. ધર્માત્માઓને ધર્મની પ્રભાવનાનો ઉત્સાહ હોય છે; તનથી, મનથી, ધનથી, શાસ્ત્રથી, જ્ઞાનથી, વિદ્યાથી સર્વપ્રકારે તે જૈનધર્મની વૃદ્ધિ કરે છે ને ધર્માત્માઓ ઉપરનાં કષ્ટને દૂર કરે છે.

દિવાકર રાજાને ધર્મનો પ્રેમ હતો જ, તેમાં વળી મુનિરાજના ઉપદેશથી તેને પ્રેરણા મળી; તરત જ મુનિરાજને નમસ્કાર કરીને ઉર્વિલારાણી સાથે બધા વિદ્યાધરો મથુરા આવી પહોંચ્યા અને ધામધૂમપૂર્વક જિનેન્દ્રદેવની રથયાત્રા કાઢી. હજારો વિદ્યાધરોના પ્રભાવને દેખીને રાજા અને બુદ્ધદાસી પણ આશ્ચર્ય પામી ગયા, અને જૈનધર્મથી પ્રભાવિત થઈને આનંદપૂર્વક તેમણે જૈનધર્મ અંગીકાર કરીને પોતાનું કલ્યાણ કર્યું; તથા સત્યધર્મ પમાડવા માટે ઉર્વિલારાણીનો ઉપકાર માન્યો. ઉર્વિલા રાણીએ તેમને જૈનધર્મના વીતરાગી દેવગુરુનો અપાર મહિમા સમજાવ્યો. મથુરાનગરીના હજારો જીવો પણ આવી મહાન પ્રભાવના દેખીને આનંદિત થયા ને બહુમાનપૂર્વક જૈનધર્મની ઉપાસના કરવા લાગ્યા. આ રીતે વજ્રકુમારમુનિ દ્વારા અને ઉર્વિલારાણી દ્વારા જૈન–ધર્મની મહાન પ્રભાવના થઈ.

[ વજ્રકુમારમુનિરાજની કથા આપણને જૈનધર્મની સેવા કરવાનું અને અત્યંત મહિમાપૂર્વક તેની પ્રભાવના કરવાનું શીખડાવે છે. તન–મન–ધનથી, જ્ઞાનથી, શ્રદ્ધાથી સર્વપ્રકારે ધર્મ ઉપરનું સંકટ દૂર કરી, ધર્મનો મહિમા પ્રસિદ્ધ કરવો અને ધર્મની વૃદ્ધિ કરવી. તેમાં પણ આ જમાનામાં ખાસ કરીને જ્ઞાનસાહિત્ય દ્વારા ધર્મપ્રભાવના કરવા યોગ્ય છે. ]

## * ઉપસંહાર *

સમન્તભદ્રસ્વામીએ રત્નકરં શ્રાવકાચારમાં સમ્યક્ત્વના આઠ અંગનું વર્ણન કરીને, તે અંગમાં પ્રસિદ્ધ મહાત્માઓનાં નામ આપ્યાં છે; તે અનુસાર આઠ અંગની આઠ કથાઓ આપે આત્મધર્મમાં વાંચી.–

અંજન નિરંજન હુએ જિનને નહીં શંકા ચિત્ત ધરી (૧)
બાઈ અનંતમતી સતીને વિષય–આશા પરિહરી (૨)
સજ્જન ઉદાયન નૃપતિવરને ગ્લાનિ જીતી ભાવસે (૩)
સત્ અસતકા કિયા નિર્ણય રેવતીને ચાવસે (૪)
જિનભક્તજીને ચોરકા વહ મહા દૂષણ ઢક દિયા (૫)
જય વારિષેણમુનિશ મુનિકે ચપલ ચિત્તકો સ્થિર કિયા (૬)
સુ વિષ્ણુકુમાર કૃપાલુને મુનિસંઘકી રક્ષા કરી (૭)
જય વજ્રમુનિ જયવંત તુમસે ધર્મમહિમા વિસ્તરી (૮)

સમ્યક્ત્વનો મહિમા જગાડનારી અને આઠ અંગના પાલનમાં ઉત્સાહ પ્રેરનારી આ આઠ કથાઓ વાંચીને ઘણા જિજ્ઞાસુઓએ પ્રસન્નતા બતાવી છે. અહીં ઉપસંહારરૂપે આઠ અંગની કથાઓમાંથી જે ઉત્તમ પ્રેરણા મળે છે તેનું પુનરાવર્તન કરી લઈએ–

( ૧ ) નિઃશંક અંગમાં પ્રસિદ્ધ અંજનકુમારની કથા જૈનધર્મની નિઃશંક શ્રદ્ધા કરીને તેની આરાધના કરવાનું આપણને શીખવે છે.

( ૨ ) નિઃકાંક્ષ અંગમાં પ્રસિદ્ધ અનંગમતીની કથા, સંસારસુખની વાંછા છોડીને આત્મિક સુખને જ સાધવામાં તત્પર થવાનું આપણને શીખવે છે.

( ૩ ) નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયન રાજાની કથા આપણને એવો બોધ આપે છે કે–ધર્માત્માના શરીરાદિને અશુચિ દેખીને પણ તેના ધર્મપ્રત્યે ગ્લાનિ ન કરો, તેના સમ્યક્ત્વાદિ પવિત્રગુણોનું બહુમાન કરો.

( ૪ ) અમૂઢદ્રષ્ટિ અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા આપણને એમ કહે છે કે વીતરાગપરમાત્મા અરિહંતદેવનું સાચું સ્વરૂપ ઓળખો અને તેમના સિવાયના બીજા કોઈ પણ દેવ–ભલે સાક્ષાત્ બ્રહ્મા–વિષ્ણુ–શંકર જેવા દેખાતા હોય તોપણ તેને નમો નહીં. જિનવચનથી વિરુધ્ધ કોઈ વાતને માનો નહીં. ભલે આખું જગત બીજું માને ને તમે એકલા પડી જાઓ–તોપણ જિનમાર્ગની શ્રદ્ધાને છોડો નહીં.

( ૫ ) ઉપગૂહન અંગમાં પ્રસિદ્ધ જિનભક્ત શેઠની કથા આપણને એમ શીખવે છે કે સાધર્મીના કોઈ દોષને મુખ્ય કરીને ધર્મની નિંદા થાય તેમ ન કરવું; પણ પ્રેમપૂર્વક સમજાવી તેને તે દોષથી છોડાવવો; અને ધર્માત્માના ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા–દ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેમ કરવું.

( ૬ ) સ્થિતિકરણમાં પ્રસિદ્ધ વારિષેણ મુનિરાજની કથા આપણને એમ શીખડાવે છે કે, કોઈ પણ સાધર્મી–ધર્માત્મા કદાચિત શિથિલ થઈને ધર્મમાર્ગથી ડગતો હોય તો તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો પણ પ્રેમપૂર્વક તેને ધર્મમાર્ગમાં સ્થિર કરવો. તેને સર્વપ્રકારે સહાય કરીને, ધર્મનો ઉલ્લાસ જગાડીને, જૈનધર્મનો પરમ મહિમા સમજાવીને કે વૈરાગ્યભર્યા સંબોધન વડે, હરકોઈ પ્રકારે ધર્મમાં સ્થિર કરવો. તેમ જ પોતે પોતાના આત્માને પણ ધર્મમાં વધુ ને વધુ સ્થિર કરવો; ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ધર્મથી જરાપણ ડગવું નહીં.

( ૭ ) વાત્સલ્ય અંગમાં પ્રસિદ્ધ શ્રી વિષ્ણુમુનિરાજની કથા આપણને એમ શીખવે છે કે ધર્માત્મા સાધર્મી જનોને પોતાના સમજીને તેમના પ્રત્યે અત્યંત પ્રીતિરૂપ વાત્સલ્ય રાખવું; તેમના પ્રત્યે આદર–સન્માનપૂર્વક દરેક પ્રકારે મદદ કરવી; તેમના ઉપર કંઈ સંકટ આવી પડે તો પોતાની શક્તિથી તેનું નિવારણ કરવું. આ રીતે ધર્માત્મા પ્રત્યે અત્યંત પ્રીતિસહિત વર્તવું. જેને ધર્મની પ્રીતિ હોય તેને ધર્માત્મા પ્રત્યે પ્રીતિ હોય જ. ધર્માત્મા ઉપરનું સંકટ તે દેખી શકે નહીં.

( ૮ ) પ્રભાવના અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિરાજની કથા આપણને જૈનધર્મની સેવા કરવાનું અને અત્યંત મહિમાપૂર્વક તેની પ્રભાવના કરવાનું શીખડાવે છે. તન–મન –ધનથી, જ્ઞાનથી, શ્રદ્ધાથી સર્વપ્રકારે ધર્મ ઉપરનું સંકટ દૂર કરી, ધર્મનો મહિમા પ્રસિદ્ધ કરવો અને ધર્મની વૃદ્ધિ કરવી. તેમાં પણ આ જમાનામાં જ્ઞાનસાહિત્યદ્વારા ધર્મપ્રભાવના કરવા યોગ્ય છે.

**卐 આઠ-અંગસહિત શુદ્ધ સમ્યક્ત્વની આરાધના જયવંત વર્તો 卐**

[ આવતા અંકથી સમ્યક્ત્વના આઠ અંગનું વિગતવાર વર્ણન શરૂ કરીશું. ગુરુદેવના પ્રવચનોમાંથી લીધેલું આ વર્ણન મુમુક્ષુને સમ્યક્ત્વ પ્રત્યે અતિ ઉત્સાહ જગાડનારું છે. આપને તે ખૂબ ગમશે. તે વાંચવાનું ચૂકશો નહીં. લવાજમ ભરવાની આળસે આપને તેના વાંચનથી વંચિત ન રહેવું પડે તે જોજો ! ]

## * આત્મ-શાંતિ *

ભાઈ, તારો આત્મસ્વભાવ એવો છે કે એની સન્મુખ પરિણમતાં આનન્દ સહિત નિર્મળ સમ્યક્ત્વાદિનો ઉત્પાદ થાય છે. જગતના કોલાહલથી શાંત થઈ, તારા સ્વભાવને લક્ષમાં લે. જગત શું કરે છે ને જગત શું બોલે છે–તેની સાથે તારા તત્ત્વને સંબંધ નથી, કેમકે તારો ઉત્પાદ તારામાંથી આવે છે, બીજામાંથી નથી આવતો.

સ્વભાવનું ભાન થયા છતાં કાંઈક રાગ–દ્વેષ થાય તો તે કાંઈ જ્ઞાન–ભાવનું કાર્ય નથી–એમ ધર્મીને ભિન્નતાનું ભાન છે, એટલે તે વખતે પોતાનો જ્ઞાનભાવ ચુકાતો નથી.

**- “આત્મવૈભવ” માંથી**

## આરાધનાના પંથ અંદરમાં ઊંડાં છે.
## મુક્તિના મારગડા દુનિયાથી આઘા છે.

અહો! આત્માની આરાધનાના પંથ રાગથી ન્યારા છે...વીતરાગી સંતોના મારગડા દુનિયાથી બહુ આઘા છે. સુખમય આરાધના ભાવશુદ્ધિવડે પમાય છે, રાગવડે તે નથી પમાતી. દુનિયાથી દૂર, જગતથી જુદા અંદરના સ્વભાવમાં ઊંડે ઘૂસી જાય ત્યારે વીતરાગી સંતોના માર્ગ હાથ આવે છે.

* * * * *

જેને આત્માના આનંદનો અનુભવ હોય તે તો વારંવાર અંદર તે આનંદનું ચિંતન કરે; પણ જેને આત્માના આનંદની ખબર નથી, વિષયોમાં જેણે સુખ માન્યું છે તે તો તે વિષયોને જ ચિંતવે છે, વિષયોના ચિંતનમાં એકક્ષણ પણ તેને શાંતિ નથી. અરે ભાઈ! આ શરીર તે તો જડ–માટી–હાંડકાં–ચામડાનું ઢીંગલું છે, તેમાં ક્યાં તારું સુખ છે? આત્મા તો આનંદનો પર્વત છે, તેનો અનુભવ કર.

આચાર્યદેવ કહે છે કે અહો! આત્માના શુદ્ધભાવ સહિત મુનિવરો ચાર આરાધના પામીને મોક્ષના પરમસુખને અનુભવે છે. –

શુદ્ધભાવયુત મુનિ પામતા આરાધના–ચઉવિધને,
પણ ભાવરહિત જે મુનિ તે તો દીર્ધસંસારે ભમે. ૯૯

ચૈતન્યતત્ત્વમાં ઊંડા ઊતરીને, નિર્વિકલ્પ અનુભૂતિ સહિત આત્માનું ભાન કરીને તેની આરાધના કરનારા મુનિઓ તો મોક્ષસુખને પામે છે; પણ જેને આત્માનું ભાન નથી તેને એક્કેય આરાધના હોતી નથી, તે તો સંસારમાં ભમે છે. સમ્યગ્દ્રષ્ટિ–ગૃહસ્થ હોય તોપણ તે મોક્ષમાર્ગનો આધારક છે; અને મિથ્યાદ્રષ્ટિજીવ મુનિ થયો હોય તોપણ તે સંસારી જ છે, તે મોક્ષમાર્ગી નથી.

પ્રશ્નઃ– તેને શુભભાવ તો હોય છે?

ઉત્તરઃ– શુભભાવ હોય છે પણ ભાવશુદ્ધિ તેને નથી; શુભભાવને કાંઈ ભાવશુદ્ધિ કહેતા નથી, અને શુભભાવ કાંઈ મોક્ષનું સાધન નથી, રાગથી પાર શુદ્ધઆત્માની અનુભૂતિરૂપ નિશ્ચય સમ્યક્ત્વાદિભાવ, તે જ ભાવશુદ્ધિ છે, ને એવી ભાવશુદ્ધિ હોય ત્યાં જ દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ એવી ચતુર્વિધ–આરાધના હોય છે; તેના ફળમાં અનંત–ચતુષ્ટય સહિત અરિહંતપદ તથા સિદ્ધપદ પ્રગટે છે. સમ્યગ્દર્શન વગર તો જ્ઞાન–ચારિત્ર કે તપ એક્કેય આરાધના હોતી નથી. મિથ્યાત્વનું ફળ સંસાર, ને સમ્યકત્વનું ફળ મોક્ષ છે. અજ્ઞાનીઓ માત્ર શુભરાગને ભાવશુદ્ધિ માની લ્યે છે ને તેનાથી આરાધના થવાનું માને છે; પણ ભાઈ! અનંતવાર શુભરાગ કરવા છતાં આત્માની આરાધના તો તેને જરાય ન થઈ, સંસારભ્રમણ જ રહ્યું. કેમકે અશુભ અને શુભ બંને ભાવો અશુદ્ધ છે, પરભાવ છે, સંસારનું કારણ છે. સમ્યક્ત્વાદિ શુદ્ધભાવ તો સ્વભાવના આશ્રયે છે, રાગ વગરના છે, તે મોક્ષનું કારણ છે. હજી તો આત્માનો શુદ્ધભાવ કોને કહેવાય તેની પણ જેને ખબર ન હોય તેને આરાધના કેવી? તેને તો એકલું દુઃખ છે. સમ્યગ્દર્શન વગર આત્માની આરાધના નથી, ને આત્માની આરાધના વગર સુખ નથી. તો સુખ કઈ રીતે થાય? કે આત્મા પોતે સુખથી ભરેલો મોટો પહાડ છે, આખો સુખનો જ પહાડ છે; તે સુખસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરતાં આત્મા પોતે સુખરૂપ પરિણમી જાય છે, –આવી સુખમય આરાધના ભાવશુદ્ધિવડે પમાય છે, રાગવડે તે નથી પમાતી.

અહો! આત્માની આરાધનાના પંથ રાગથી ન્યારા છે. વીતરાગી સંતોના મારગડા દુનિયાથી બહુ આઘા છે. દુનિયાથી દૂર એટલે કે જગતથી જુદા અંદરના સ્વભાવમાં ઊંડે ઊંડે ઘૂસી જાય ત્યારે વીતરાગી સંતોના માર્ગની આરાધના પમાય છે. જેને આનંદસ્વરૂપ આત્માને સાધવો હોય તેને બહારનાં પુણ્ય–પાપના ભાવનો રસ ઊડી જાય છે. રાગનો પણ રસ રહે ને આત્માનો આનંદ પણ સધાય–એમ એક સાથે બે વાત નહીં રહે, કેમકે આત્માના આનંદની જાત રાગથી તદ્દન જુદી છે. શુભરાગ તે કાંઈ આરાધના નથી. જ્યાં રાગનો પ્રેમ છે ત્યાં ચૈતન્યની આરાધના નથી, એનું ફળ તો સંસાર છે. આમ જાણીને હે જીવ! તું રાગ અને આત્માની ભિન્નતાના અનુભવવડે ભાવશુદ્ધિ પ્રગટ કર. ભાવશુદ્ધિ તે જ આરાધના છે, તે જ મોક્ષનું કારણ છે; તેના વડે કલ્યાણની પરંપરા પમાય છે, મોક્ષસુખ પમાય છે.

જ્યાં આત્માનું જ્ઞાન નથી, આત્માનો શુદ્ધસ્વભાવ શું, ને તેનાથી વિરુધ્ધ પરભાવ શું? તેનું પૃથ્થકરણ નથી, ત્યાં જીવને ભાવશુદ્ધિ ક્યાંથી થાય? જ્ઞાનમાં રાગને

ભેળવીને અશુદ્ધભાવને જ અજ્ઞાની અનુભવે છે ને તે જ દુઃખ છે; પછી ભલે દેવ હો, કે મનુષ્ય હો, અશુદ્ધભાવથી તે દુઃખી જ છે, અને નરકમાં પણ જીવ જો આત્માને ઓળખીને શુદ્ધભાવ કરે તો તેને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો કે ભાવશુદ્ધિ કહો, તે મોક્ષસુખનું કારણ છે. ચારે આરાધના ભાવશુદ્ધિમાં સમાય છે. માટે હે જીવ! પ્રથમ તું ભાવને જાણ...પ્રયત્નવડે આત્માને જાણીને ભાવશુદ્ધિ પ્રગટ કર, આત્માની આવી આરાધનાવડે મોક્ષસુખ પમાશે.

(ભાવપ્રાભૃત ગાથા ૯૯–૧૦૦)

* * * * *

## હે જીવ! તું મોક્ષપંથે આવ.

અહો! સાવધાન થઈને આત્માના વિચારનો ઉદ્યમ કરે તેમાં તો ઊંઘ ઊડી જાય તેવું છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તે તો આત્મા અને બંધની ભિન્નતાના વિચારમાં જાગૃત છે, ઉત્સાહી છે, તેમાં પ્રમાદી થતા નથી. મારે મારું હિત સાધવું છે. મારે મારા આત્માને ભવબંધનથી છોડાવવો છે–એમ અત્યંત સાવધાન થઈને, મહાન ઉદ્યમપૂર્વક હે જીવ! તારા આત્માને બંધનથી જુદો અનુભવમાં લે...અનાદિની ઊંઘ ઉડાડીને જાગૃત થા.

આત્માના અનુભવ માટે સાવધાન થાજે...શૂરવીર થાજે...જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને–ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. 'હરિનો મારગ છે શૂરાનો'....તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટક્તા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાનવડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર...ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચૈતન્યથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને સાધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગ....જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.

# વૈરાગ્ય સમાચાર -

* રાણપુરના શેઠશ્રી નારણદાસ કરશનજી ( ઉ. વ. ૬૮ ) ભાદરવા વદ ૧૨ની રાત્રે હૃદયરોગના એકાએક હુમલાથી સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. અનેક વર્ષોથી તેઓ પુ. ગુરુદેવના પરિચયમાં હતા ને વિહાર વગેરે પ્રસંગોમાં પણ ઘણીવાર સાથે જ રહેતા. સોનગઢમાં સમવસરણ–મંદિર બંધાવવામાં તેઓ એક ભાગીદાર હતા; તે ઉપરાંત રાણપુર મુમુક્ષુમંડળમાં પણ તેઓ એક આગેવાન હતા. હાલમાં તેઓ સુરેન્દ્રનગર રહેતા હતા; પણ છેલ્લા અઠવાડીયાથી ગુરુદેવના સત્સંગનો લાભ લેવા તેઓ સોનગઢ આવ્યા હતા. સ્વર્ગવાસના છેલ્લા દિવસ સુધી તેમણે વૈરાગ્યરસઝરતા પ્રવચનો સાંભળ્યા હતા; પ્રવચનો સાંભળીને તેમજ ગુરુદેવના શ્રીમુખે કેટલીક અવનવી વાતો સાંભળીને તેઓ ઘણા પ્રમુદિત થયા હતા, ને ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. વીતરાગી દેવ–ગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* બોટાદના રહીશ ભાઈશ્રી રતિલાલ ધારશીભાઈ વોરા મુંબઈ મુકામે તા. ૨૪–૯–૭૧ ના રોજ બેત્રણ દિવસની ધનુરની બિમારીમાં ૩૩ વર્ષની યુવાનવયે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો. વીતરાગી દેવગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

* વાંકાનેરના શ્રી મોતીબેન ( –તે ન્યાલચંદ ફૂલચંદ મહેતાના ધર્મપત્ની ) તા. ૧૮–૯–૭૧ ના રોજ હૃદયરોગના હૂમલાથી વાંકાનેર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક અને ભક્તિવંત હતા. સં. ૧૯૮૯ માં ભાઈશ્રી વજુભાઈ ઈજનેર તેમના મકાનમાં ( વાણીયા શેરીમાં ) રહેતા ત્યારે પૂ. બેનશ્રી ચંપાબેને અપૂર્વ આત્મસાધના તે મકાનમાં જ કરી હતી; તેમને પૂ. બેનશ્રી–બેન પ્રત્યે ઘણો ભક્તિપ્રેમ હતો. કોઈ મુમુક્ષુ તેમના ઘરે જઈને સમ્યક્ત્વનો મહિમા અને જ્ઞાનીનાં ગુણગાન કરે તે દેખીને તેઓ આનંદિત થતા ને પોતે પણ ભક્તિથી તેમાં સાથ પૂરાવતા, તથા સમ્યક્ત્વ ભાવના ભાવતા. વીતરાગી દેવ–ગુરુના શરણમાં સમ્યક્ત્વાદિ પામીને તેઓ આત્મહિત સાધે–એ જ ભાવના.

* * * * *

# 卐 પંચરત્નો પ્રકાશે છે પરમ તત્ત્વને 卐

## ધર્મીના અનુભવમાં આવેલું શુદ્ધ પરમ ચૈતન્યતત્ત્વ

### અચિંત્ય અદ્‌ભુત મહિમાથી ભરેલું શુદ્ધ સ્વતત્ત્વ

[ નિયમસાર ગા. ૭૭–૭૮–૭૯–૮૦–૮૧, અષાઢ વદ ૧૦–૧૧ ]

નિયમસારની ૭૭ થી ૮૧ સુધીની પાંચ ગાથાને પાંચ રત્નો કહ્યાં છે. આ પાંચ રત્નો આત્માનું પરમસ્વરૂપ પ્રકાશિત કરે છે. સકલ વિભાવપર્યાયો અને ભેદભાવોથી રહિત એક પરમભાવ જ હું છું એમ ધર્મી અનુભવે છે. આવી અનુભૂતિમાં સકલ વિભાવના કર્તૃત્વનો અભાવ છે.

આ અધિકાર છે ચારિત્રનો; શુદ્ધ પરમ ચારિત્ર કહો કે પરમાર્થ પ્રતિક્રમણાદિ–ધર્મ કહો; તે કોને હોય? કે જે ધર્માત્મા સમસ્ત પરભાવોની ચિંતા છોડીને, પોતાના શુદ્ધસ્વરૂપને જાણે છે, ને તેમાં ચિત્તને એકાગ્ર કરે છે, તેને શુદ્ધ ચારિત્રરૂપ પરમાર્થ પ્રતિક્રમણાદિ ધર્મ હોય છે, અને તે અલ્પકાળમાં મોક્ષ પામે છે.

તે ધર્માત્મા પોતાના આત્માને કેવો ચિંતવે છે? એ વાત આ પાંચ સૂત્ર રત્નોમાં બતાવે છે. તે બતાવીને પછી કહેશે કે ભેદજ્ઞાનવડે આવા પરમ તત્ત્વના અભ્યાસવડે એટલે કે વારંવાર તેના અનુભવવડે મધ્યસ્થભાવરૂપ ચારિત્રદશા પ્રગટે છે. પાંચ રત્નોવડે સુશોભિત પરમ તત્ત્વને જાણનારો મુમુક્ષુ પંચમગતિને પામે છે.

પાંચરત્નો જે પરમતત્ત્વને પ્રકાશિત કરે છે તે કેવુ છે? પરમચૈતન્ય અને સુખમય એવી પોતાની સત્તામાં લીન આ આત્મતત્ત્વમાં નરકાદિ ચારગતિને યોગ્ય કોઈ વિભાવો નથી; ૧૪ માર્ગણાસ્થાનો, ગુણસ્થાનો કે જીવસ્થાનોના ભેદ–વિકલ્પો પણ તે પરમતત્ત્વના અનુભવમાં નથી; એ બધાથી પાર એકલી ચૈતન્યભૂતિવડે અનુભવાતું પરમ તત્ત્વ હું છું. આવા શાંતરસમય મારું આત્મતત્ત્વ, તેમાં સંસારનો કોલાહલ ક્યાં છે? સંસારના ક્લેશમય કોલાહલથી મારું તત્ત્વ અત્યંત દૂર છે. આમ ધર્મી પોતાના અંતર્તત્ત્વરૂપ ચૈતન્યરત્નને અનુભવે છે. આ પાંચ રત્નો આવા ચૈતન્યરત્નને પ્રકાશે છે.

આવા વસ્તુસ્વભાવમાં દ્રષ્ટિ પડતાં તેમાં કોઈ પરભાવો નથી. આવા પરમતત્ત્વને એકકોર મુકીને બીજું ગમે તેટલું જીવ કરે તેમાં કાંઈ હાથ આવે તેમ નથી. અહા ! ખરેખર આવું સ્વરૂપ છે–એમ સ્વીકારીને વારંવાર સ્વની ભાવના કરવા જેવી છે; ભાવના એટલે એકાગ્રતા.

ચૈતન્યવિલાસથી ભરપૂર મારા સ્વભાવની સન્મુખ થઈને તેને ભાવતો હું, ચાર ગતિના ભાવોને ભાવતો નથી, તેનાથી હું વિમુખ છું– જુદો છું એટલે તે મનુષ્યાદિ કોઈ ગતિનો હું કર્તા નથી, મારામાં તે ગતિ નથી, ને તે ગતિમાં હું નથી. હું મારા ચૈતન્ય–વિલાસમાં વળેલો છું. – આવો પોતાનો અનુભવ અને વારંવાર તેનો અભ્યાસ તે મોક્ષનો માર્ગ છે.

મારામાં તો હું ચૈતન્યથી ભિન્ન એવા ચારગતિના ભાવોને કરતો નથી ને બીજામાં પણ તેવા ભાવોને હું અનુમોદતો નથી–પ્રશંસતો નથી. અરે, પોતાની ચૈતન્યવસ્તુ શું છે તેની ખબર વિના જીવો ચોરાશીના અવતારમાં કષાયની ઘાણીમાં પીલાઈ રહ્યા છે. એ દુઃખની પીડાનું શું કહેવું ? પણ ધર્મી તે દુઃખને ઓળંગી ગયા છે. તે જાણે છે કે મારું તત્ત્વ ચારેગતિના ભાવોને ઓળંગી ગયું છે, મારા ચૈતન્યના નિજભાવોથી જ હું ભરેલો છું. ગતિવગેરેના જેટલા ઉદયભાવો છે તે કોઈ મારા સ્વભાવને અવલંબનારા નથી, એટલે તે હું નથી, તેને હું કરતો નથી; મારી શુદ્ધચૈતન્ય સત્તાનો જ મને સ્વીકાર છે; મારી ચૈતન્યસત્તામાં બીજા કોઈ ગતિ વગેરે પરભાવોનો સ્વીકાર નથી.

જુઓ, આ ભેદજ્ઞાન ! આવા ભેદજ્ઞાનપૂર્વક ચારિત્ર થાય છે. તેમાં પોતાના જ્ઞાયકભાવનું જ ભજન છે. મારા શુદ્ધતત્ત્વના સેવનથી જ મને લાભ થયો છે. બાકી રાગાદિ પરભાવો હો–તેનું સેવન મને નથી. વિકલ્પો તે મારી જાત નથી. મારી જાત સહજ ચૈતન્યભાવથી વિલસતી છે; મારા પરિણામ આવા મારા સ્વતત્ત્વમાં ઢળીને મારું જ સેવન કરે છે.–આમ સ્વસન્મુખપણે ચૈતન્યસત્તાના સ્વીકારથી મને જે ધર્મદશા થઈ, તેમાં ચારગતિ વગેરેની સહાયતા નથી. મનુષ્યપર્યાય હતી તો મને સમ્યગ્દર્શન થયું–એમ નથી, મારી ચૈતન્યસત્તા શુદ્ધ હતી–તો તેના સ્વીકારથી મને સમ્યગ્દર્શન થયું. આવી શુદ્ધ–સત્તાના સ્વીકારથી જ જન્મમરણના આરા આવે છે. આ તો અંતરની વાત છે.... અંતરનો માર્ગ છે. સંતોએ માર્ગ સુગમ કરી દીધો છે. આત્માને પ્રસિદ્ધ કરવાની કળા સમજાવી છે. 'અહો ઉપકાર જિનવરનો ! અહો ! ઉપકાર ગુરુવરનો ! '

હું ત્રિકાળી આનંદસ્વરૂપ આત્મા છું; તેમાં અવતાર ને ભવ કેવા? સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ, તેનો જેને ભેટો થયો તેને ભવના અંત આવી ગયા. શુદ્ધસ્વભાવમાં તો ભવ હતા જ નહીં, તેનો ભેટો થતાં, એટલે તેની સન્મુખતા થતાં, પર્યાયમાં પણ ભવનો ભાવ નથી. આત્મા પોતે આવી સાધકદશારૂપે થયો ત્યાં પોતાને પોતામાં જ કૃત–કૃત્યતા અનુભવાય છે, અપૂર્વ વેદનથી મોક્ષની નિસંદેહતા થાય છે. વાહ! આ સાધકદશા પણ પરમ અદ્ભુત છે! પૂર્ણ સાધ્યદશાની તો શી વાત!

ચૈતન્યભાવપણે જ્યાં પોતામાં પોતાનો અનુભવ થયો ત્યાં ધર્માત્મા જાણે છે કે ૧૪ માર્ગણાના ભેદોમાં હું નથી; ભેદના વિકલ્પોમાં હું નથી. ભેદને ધર્મી નથી ભાવતો, ધર્મી અભેદને ભાવે છે. અભેદની ભાવનાથી તે આનંદનો સ્વાદ લ્યે છે. અરે જીવો! પૂર્ણતાનો નાથ પરમઆત્મા અંદર જ બિરાજે છે; તે તું પોતે જ છો. તારામાંથી પરમાત્માપણું પ્રગટ થાય છે. પરિણામને અંતરમાં જોડીને આવા પરમતત્ત્વની ભાવના ભાવો. અંદર આવા સ્વભાવને લીધો (એટલે કે અનુભવ્યો) ત્યાં પરભાવો સર્વે છૂટી જ ગયેલા છે. ક્ષયોપશમજ્ઞાન હોવા છતાં, આવા અનુભવમાં સાધકને આત્માના આનંદની લહેર ઊઠી છે... આખા દરિયા ડોલ્યા છે... આવી અદ્ભુત અલૌકિક વસ્તુ છે. વીતરાગનો આવો માર્ગ છે. તેમાં વીતરાગતા થાય ત્યારે ધર્મ થાય. તે વીતરાગતા શુદ્ધાત્માના અનુભવથી જ થાય છે. અરે, એકવાર અંતરમાં નજર કરીને તારા પૂર્ણાનંદી ભગવાનનું ભજન કર કે તરત તારા ભવના આરા આવી જશે.

જેમ ચારેકોર સિંહના ટોળા વચ્ચે ઘેરાયેલા માણસ તેનાથી છૂટવાનો ઉપાય શોધે.... ને ઝાડ ઉપર ચડી જાય... તેમ ચારેકોર ચારગતિનાં દુઃખો અને કષાયોરૂપી સિંહથી ઘેરાયેલો આત્મા, તેનાથી છૂટવા કોનું આલંબન લ્યે? બહારમાં તો કોઈનું આલંબન નથી, અંદર કષાયોથી અલિપ્ત પોતાનો સહજ ચૈતન્યભાવ તેનું અવલંબન લઈને તે ચૈતન્ય–કલ્પવૃક્ષમાં આરૂઢ થા, તો કષાયોથી તારી રક્ષા થશે, ને નિર્ભયપણે તને તારી શાંતિનું વેદન થશે.

અરે, આવા દુઃખો અને કષાયો વચ્ચે ઘેરાયેલો તું, અને તને બહારમાં શેનાં હરખ આવે છે? હરખ કરવા યોગ્ય સ્થાન તો પોતાનો ભગવાન આત્મા છે; તેમાં હરખ કરીને રહેવા જેવું છે, તેમાં તને પરમ શાંતિ થશે. શાંતરસનું સરોવર તો તું છો. તારા ચૈતન્યસરોવરના અમૃતનું પાન કર!

સરોવરમાં પાણી પીવા તો બધાય આવે–તિર્યંચો પણ આવે ને મનુષ્યો પણ આવે, મોટા આવે ને નાના પણ આવે; તેમ શરીર તિર્યંચનું હો કે મનુષ્યનું, ઉમર નાની હો કે મોટી, બધા જીવો પોતાના અંતરમાં ચૈતન્યસરોવરના શાંતરસનો અનુભવ કરી શકે છે. આવા શાંતરસના સમુદ્રમાં હે જીવો ! તમે મગ્ન થાઓ.

જે પોતાના શુદ્ધચૈતન્ય દ્રવ્યસન્મુખ પરિણમ્યો છે તે ધર્મી જીવ એમ કહે છે ( એમ અનુભવે છે ) કે હું સહજ ચૈતન્યભાવ છું; સકલ ભેદો અને વિભાવોનો મારામાં અભાવ છે. ગતિ કે માર્ગણાના ભેદો, રાગાદિ ભાવો, કષાય ભાવો–એ બધાય ભાવો મને નથી, ‘મને’ એટલે જે પોતાના શુદ્ધ દ્રવ્યસન્મુખ થયેલો છે એવા મને કોઈ વિભાવો નથી. શુદ્ધદ્રવ્યમાં તો નથી, ને તેમાં એકાગ્ર થયેલી પર્યાયમાં પણ નથી. આવી અપૂર્વ અનુભૂતિ આ પંચરત્ન ( ગાથા ૭૭ થી ૮૧ ) માં બતાવી છે.

“આ પ્રમાણે પંચરત્નોદ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે, અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે, તે ભવ્યજીવ નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.”

જુઓ, શુદ્ધદ્રવ્ય–ગુણ તો ત્રિકાળી નિજભાવ છે, અને તેમાં એકાગ્ર થયેલી પર્યાય તે પણ નિજભાવ છે; શુદ્ધદ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ આવા નિજભાવપણે ધર્મી પોતાને અનુભવે છે. નિજભાવના આવા અનુભવવડે ધર્મીજીવ મુક્તિના પંથે ચડયા છે, તેને અલ્પકાળમાં જ પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષભાવ પ્રગટ થશે. સમ્યગ્દર્શનજ્ઞાન–ચારિત્રરૂપે પરિણમેલા શુદ્ધોપયોગી મુનિને જ પ્રવચનસારમાં મોક્ષતત્ત્વ કહી દીધું છે.

પ્રવચનસારની છેલ્લી પાંચ ગાથાને પણ **પાંચરત્ન** ( શાસ્ત્રની કલગી જેવાં પાંચ રત્ન ) કહ્યાં છે. તેમાં ૨૭૧ મી ગાથામાં દ્રવ્યલિંગી મિથ્યાદ્રષ્ટિને સંસારતત્ત્વ જ કહ્યું છે, ને ૨૭૨મી ગાથામાં શુદ્ધોપયોગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે, હજી તો શુદ્ધોપયોગવડે મોક્ષને સાધી રહ્યા છે, છતાં તેને મોક્ષતત્ત્વ જ કહી દીધા છે. શુદ્ધોપયોગવડે શુદ્ધસ્વભાવમાં સ્થિર થયેલા તે ‘ઉપશાંતઆત્મા’ ને મોક્ષતત્ત્વ જાણવું.

અહીં પાંચરત્નોદ્વારા સમસ્ત પરભાવોથી રહિત એવું ચૈતન્યમય ઉત્કૃષ્ટ તત્ત્વ બતાવીને કહે છે કે અહો ! આવા તત્ત્વમાં ઉપયોગને એકાગ્ર કરતાં સમસ્ત પરવિષયોનું ચિંતન છૂટી જાય છે ને ચિત્ત નિજસ્વરૂપમાં જ એકાગ્ર થાય છે. નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં એકાગ્રચિત્તવાળો તે જીવ, અન્ય સમસ્ત વિભાવોથી રહિત થઈને પરમ–

આનંદમય મોક્ષભાવરૂપ પરિણમે છે.

અનંતા જીવો ભેદજ્ઞાનના અભ્યાસવડે શુદ્ધઆત્માને અનુભવીને મુક્તિ પામ્યા છે, જેઓ મુક્તિ પામ્યા તેઓ બધાય રાગથી જુદા પડીને જ મુક્તિ પામ્યા છે; રાગને રાખીને કોઈ મુક્તિ પામ્યું નથી. રાગથી ભિન્ન પોતાને અનુભવનારા જીવો જ મુક્તિ પામે છે, ને રાગ સાથે એકતા અનુભવનારા જીવો જ બંધાય છે. માટે મુમુક્ષુએ ભેદજ્ઞાનના નિરંતર પ્રયોગવડે પોતાના આત્માને સમસ્ત પરભાવોથી ભિન્ન અનુભવમાં લેવાયોગ્ય છે.

**અહા, જેમણે આવું ભેદજ્ઞાન કર્યું તેમનો અવતાર ઊજળો છે...**

**તેમનો આત્મા ઊજળો છે. ।।**

卐 जय हो भेदज्ञानानो...... जय हो उज्वल आत्मानो 卐

# વિવિધ સમાચાર

* સોનગઢમાં, તેમજ અન્યત્ર દશલક્ષણધર્મ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયા હતા. વિદ્વાનો દ્વારા અધ્યાત્મપ્રવચનો સાંભળીને ગામેગામથી મુમુક્ષુઓએ પ્રસન્નતા વ્યક્ત કરી છે, ને આભારપત્ર આવેલ છે. સૌરાષ્ટ્ર–ગુજરાત ઉપરાંત મુંબઈ, મલાડ, ઘાટકોપર, મદ્રાસ, કલકત્તા, બેંગલોર, હૈદરાબાદ, લલિતપુર, મહરોની, ટીકમગઢ, બીના, વિદિશા, ભોપાલ, લશ્કર–ગ્વાલિયર, જયપુર, ખનિયાધાના, મલકાપુર, સહારનપુર, ખંડવા;લોહારદા, રાઘૌગઢ, કોટા, અરોન–ગુના, ઇટાવા, મહીદપુર, બીના–બજરીયા, દેવલગાંવ–રાજા (મહારાષ્ટ્ર) વગેરે કેટલાય સ્થળે સોનગઢ–સંસ્થા દ્વારા વાંચનકારનો બંદોબસ્ત થયો હતો, ને દરેક સ્થળે હજારો જિજ્ઞાસુઓએ પ્રવચન સાંભળીને, પૂ. ગુરુદેવ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. જૈનસમાજમાં વીતરાગી તત્ત્વજ્ઞાનનો પ્રચાર દિવસે–દિવસે વૃદ્ધિગત થઈ રહ્યો છે; હજારો જીવો જાગૃત બનીને આત્મહિત માટે જૈનધર્મના સાચા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત રખિયાલ, જલગાંવ વગેરે ગામોમાં જૈન–શિક્ષણશિબિરનું પણ આયોજન થયું હતું, તેમાં મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો.

* **સમ્યગ્દર્શન પુસ્તક ચોથું** જે વૈશાખ સુદ બીજે પોરબંદરમાં પ્રકાશિત થયું હતું, તેની થોડીક પ્રતો વેચાણવિભાગમાં પણ રૂ. ૧–૫૦ ની ઓછી કિંમતે મળી શકે છે. પોસ્ટથી મંગાવનારે બે રૂપિયા મોકલવા. સમ્યગ્દર્શન સંબંધી દરેક આત્માર્થીને ગમે એવા સુંદર લેખોનું આમાં સંકલન છે. આત્માર્થની પુષ્ટિ કરીને સમ્યગ્દર્શનની અદ્‌ભુત પ્રેરણા આપે છે. દરેક જિજ્ઞાસુએ ખાસ વાંચવા લાયક છે.

**પુસ્તક વેચાણ વિભાગ તરફથી નીચે મુજબ સૂચના પ્રગટ કરવામાં આવે છે-**

બહારગામ પુસ્તકો મંગાવીને વેચનારા મંડળ કે બુકસેલર્સને પોસ્ટ–પેકિંગ કે રેલ્વેખર્ચની રાહત મળે ને પુસ્તકોનો પ્રચાર વધે તે હેતુથી હિંદી–ગુજરાતી સમસ્ત પુસ્તકોમાં પચાસ રૂપિયા કે તેથી વધુ કિંમતના પુસ્તકો મંગાવનારને દશ ટકા કમિશન આપવામાં આવશે.

બહારગામથી પુસ્તક મંગાવનારાઓને રેલ્વે કે પોસ્ટ સંબંધી ખર્ચમાં રાહત મળે તે હેતુથી જ આ યોજના કરેલ છે; એટલે રૂબરૂમાં પુસ્તક લેનારાઓનો સમાવેશ આ કમિશન–યોજનામાં થતો નથી તેની નોંધ લેશોજી.

* **'દીપાવલી પર્વ'** એટલે વીરનાથ ભગવાનની મોક્ષપ્રાપ્તિનો મંગલ ઉત્સવ! એ ઉત્સવ આપણે એવી રીતે ઉજવવો જોઈએ કે જેમાંથી આપણને મોક્ષને સાધવાની પ્રેરણા મળે. બંધુઓ, આપણા વીરભગવાને જે મુક્તિમાર્ગ સાધ્યો છે. ને આપણને બતાવ્યો છે તે મુક્તિમાર્ગ કોઈ અદ્ભુત–અચિંત્ય–આનંદકારી છે. તે માર્ગમાં રત્નત્રયનાં દિવ્ય દીવડા પ્રગટે છે. એવા દીવડા પ્રગટાવીને દીવાળી ઉજવીએ. દીપાવલી સંબંધી વિશેષ માહિતી માટે, તથા મહાવીર પ્રભુનું જીવનચરિત્ર વાંચવા માટે, દીપાવલી અભિનંદનની ખાસ પુસ્તિકા "ભગવાન મહાવીર" મંગાવો. દીવાળી નિમિત્તે ખાસ પ્રભાવના કરવા માટે દશ પુસ્તક માત્ર એક રૂપિયામાં મોકલાશે.
* બેંગલોરમાં ઉત્સાહપૂર્વક જૈનપાઠશાળા ચાલી રહી છે, તે આનંદની વાત છે. મોરબીમાં પણ પાઠશાળા ચાલુ થવાના સમાચાર છે. બાળકોને જૈનધર્મના સંસ્કારનો સાચો વારસો આપવા માટે ઠેરઠેર જૈનપાઠશાળા ચાલુ કરવી અત્યંત જરૂરી છે.

## વૈરાગ્ય સમાચાર

* વાંકાનેર નિવાસી હેમતલાલ પોપટલાલના સુપુત્રી સૌ. મધુબાળા ૨૨ વર્ષની વયે સિકંદ્રાબાદ મુકામે તા. ૯–૯–૭૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વીતરાગી દેવગુરુના શરણે આત્મહિત પામો.
* વીંછીયાના કોઠારી જગજીવન કાળીદાસના ધર્મપત્ની મણીબેન (ઉ. વ. ૮૨) તા. ૩૧–૮–૭૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લે તેમણે વીંછીયા મુકામે ગુરુદેવના દર્શન કરેલા. વીતરાગી દેવગુરુના શરણે તેઓ આત્મહિત પામો.
* જામનગરના લાભકુંવરબેન (તે ચુનીલાલ દેવકરણ વોરાના ધર્મપત્ની) ઉ. વ. ૬૨, ભાદરવા સુદ ચોથના રોજ જામનગર મુકામે હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. ગંભીર બિમારી વખતેય તેઓ દેવ–ગુરુનું સ્મરણ તથા તત્ત્વ ચર્ચા કરતા હતા. વીતરાગી દેવગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

# વિવિધ વચનામૃત

જેનામાં સુખ છે–તેને જાણતાં સુખ થાય છે.
જેનામાં સુખ નથી તેને જાણતાં સુખ થતું નથી.

## સુખનો રસ્તો

મોક્ષ એટલે શું? મોક્ષ એટલે પૂરું સુખ.
રાગ સુખ છે કે દુઃખ? રાગ તે દુઃખ છે.
રાગવડે મોક્ષ થાય? ના; રાગવડે તો દુઃખ થાય.
જો દુઃખવડે સુખ થાય તો રાગવડે મોક્ષ થાય.
રાગવડે મોક્ષ માનવો તે તો દુઃખી થવાનો રસ્તો છે.
રાગથી ભિન્ન આત્માને સાધવો તે સુખનો રસ્તો છે.

* * *

ચૈતન્યસ્વરૂપની સ્વાનુભૂતિમાં રમતા જ્ઞાનીઓને દેખીને મુમુક્ષુને સ્વાનુભવની પ્રેરણા જાગે છે.

卐

દુનિયામાં ગમે ત્યાં હોય–મુમુક્ષુ જીવ પોતાના આત્મહિતના ધ્યેયને કદી ભૂલતો નથી, કે ઢીલું કરતો નથી.

卐

આનંદના ધામમાં શોક શા?
સુખના ધામમાં દુઃખ શા?
જ્ઞાનના ધામમાં અજ્ઞાન શા?
મુક્તિના માર્ગમાં મુંઝવણ શી?

જ્ઞાનભાવ છે સુખનું ધામ;
રાગતણું ત્યાં શું છે કામ?
આતમલક્ષ્મી ખોલ ખજાના;
જો તું ચાહે મોક્ષમેં જાના.

* * *

સ્વને જાણું પરને જાણું;
સ્વમાં પરને કદી ન માનું.

* * *

સુખને ઇચ્છું દુઃખથી ડરું;
મિથ્યા ભાવો કદી ન કરું.

* * *

**બ્રહ્મ-ઔષધિ**

ભોગોપભોગ સામગ્રીથી જીવને કાંઈ લાભ નથી; એ તો ઉલટા તુષ્ણા વધારનાર છે. કામજ્વરનો નાશ બ્રહ્મરૂપી ઉત્તમઔષધિના સેવન વડે જ થાય છે, વિષયભોગો વડે નહીં. માટે સૂજ્ઞમનુષ્યોએ બ્રહ્મપદ–સિદ્ધપદ પ્રાપ્ત કરવા માટે બ્રહ્મનું સેવન કરવું જોઈએ.

* * *

જ્ઞાનીની સેવા રાગદ્વેષ વડે થતી નથી. જ્ઞાનીની સેવા જ્ઞાનભાવવડે જ થાય છે. રાગથી ભિન્ન જ્ઞાનભાવરૂપે જે પરિણમ્યો તેણે જ જ્ઞાનીની સાચી સેવા કરી.

# ગ્રાહકોને સૂચના -

* આપણા આત્મધર્મનું ૨૯મું વર્ષ આ કારતક માસથી શરૂ થશે; તેના અંકો દરેક અંગ્રેજી મહિનાની **પચીસમી તારીખે** પોસ્ટ થશે. પણ તેનું છાપકામ તો દશમી તારીખથી શરૂ થઈ જાય છે,–માટે દશમી તારીખ પહેલાં આપનું લવાજમ સોનગઢ પહોંચાડો, જેથી અંકની નકલ કેટલી વધુ છાપવી તે ખ્યાલમાં આવે.
* ચાલુ ગ્રાહકો તો બધાય પોતાનું લવાજમ સમયસર મોકલી જ દેશે, તેનો વિશ્વાસ છે; તે ઉપરાંત તમારા સ્નેહી–મિત્રજનોને પણ ચૈતન્યની આ અમૂલ્ય વાનગીનો સ્વાદ ચખાડવા માટે તેમને આત્મધર્મ મોકલો.
* આ વર્ષે અનેક સુંદર પુસ્તકો ભેટ મળવાના છે. આ સંબંધમાં એટલું ધ્યાનમાં લેવું જરૂરી છે કે–પુસ્તકો ભેટ આપતી વખતે જેટલા ગ્રાહકો નોંધાયેલા હશે તે ગ્રાહકોને જ તે પુસ્તક ભેટ મળશે. પાછળથી થનાર ગ્રાહકોને માટે ભેટપુસ્તક મળવાની કોઈ બાંહેધરી નથી.
* આત્મધર્મના અંકો મર્યાદિત સંખ્યામાં છપાય છે, જુના અંકો વિશેષ સ્ટોકમાં રહેતા નથી; એટલે વર્ષની અધવચ્ચે થનારા ઘણા ગ્રાહકોને શરૂઆતના અંકો મળવાનું મુશ્કેલ બની જાય છે.
* અંક દરમહિને પચીસમી તારીખે નિયમિત રવાના થશે; પહેલી તારીખ સુધીમાં આપને અંક ન મળે તો તરત જ અઠવાડિયામાં જ ખબર આપો, એટલે આપને બીજો અંક તત્કાળ મોકલી આપીશું.–પણ એક શરત? કે પત્રમાં આપનું પૂરું સરનામું લખવું. આપે લવાજમ તો ભર્યું છે ને! તેની પણ ખાતરી કરી લેશોજી. (આ વર્ષે સંપાદક પોતે આ વ્યવસ્થામાં ધ્યાન આપશે; તેમાં સહકાર માટે અંક સંબંધી ફરિયાદ વધુમાં વધુ એકમાસની અંદર લખવી જરૂરી છે.)
* આત્મધર્મના સુધારા–વધારા બાબત આપ જે કાંઈ સહકાર–સલાહ–સૂચના આપવા માંગતા હો તે સંપાદક ઉપર ખુશીથી લખી શકો છો.

[ સંપાદક–આત્મધર્મ, સોનગઢ, સૌરાષ્ટ્ર ]

અમારી આ બધી નાનકડી સૂચનાઓનો અમલ કરવો તે આપને માટે સાવ સહેલું છે; પણ આપનો આટલો સહકાર અહીં સંસ્થામાં અમને વ્યવસ્થામાં ખૂબ ઉપયોગી થાય છે. આત્મધર્મના ગૌરવવંતા ગ્રાહકો પ્રત્યે આટલી સૂચનાથી વિશેષ કહેવાની જરૂર રહેતી નથી. - जयजिनेन्द्र

# આપણી વાત

[ સંપાદકીય ]

અહા, જગતમંગલકારી આપણા જૈનશાસનમાં આત્માના પરમ હિતનો જે માર્ગ તીર્થંકર ભગવંતોએ પ્રકાશ્યો, કુન્દકુન્દઆચાર્યદેવ જેવા વીતરાગ સંતોએ જે વીતરાગમાર્ગનો પ્રવાહ વહેતો રાખ્યો, અને કુન્દકુન્દપ્રભુના એ વીતરાગમાર્ગને શ્રી કહાનગુરુ આજે આપણી સમક્ષ આ ભરતક્ષેત્રમાં પ્રકાશી રહ્યા છે–તે મહાન આનંદની વાત છે. વિદેહમાં સદાય વહેતો ધર્મપ્રવાહ આજે આપણને આ ભરતક્ષેત્રમાં પણ મળી રહ્યો છે.

બંધુઓ, આ ભરતક્ષેત્રમાં ચોથાકાળ જેવા ધર્મકાળમાં પણ વચ્ચેવચ્ચે અસંખ્ય વર્ષો સુધી ધર્મનો વિરહ થઈ ગયો હતો એટલે જૈનધર્મના વક્તા કે શ્રોતા કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ અસંખ્યવર્ષ સુધી આ ભરતક્ષેત્રમાં ન હતા; એ રીતે ચોથા કાળમાંય દુર્લભ એવો આ જૈનધર્મ અત્યારે આ પંચમકાળે પણ આપણને કહાનગુરુના શ્રીમુખે નિરંતર સાક્ષાત્ સાંભળવા મળી રહ્યો છે, અને સ્વાનુભવથી તે માર્ગને સાધનારા સમ્યગ્દ્રષ્ટિ જીવો સાક્ષાત્ નજરે જોવા મળે છે,–તો શું ઓલા ચોથાકાળ કરતાંય આપણે આ પંચમકાળમાં વધારે ભાગ્યશાળી નથી ?

ગુરુદેવ જે પરમ શાંતિનો વીતરાગમાર્ગ દેખાડે છે, ચૈતન્યમહિમાનો જે દરિયો રોજરોજ ઉલ્લસાવે છે, તેમાંથી ઝીલીને થોડીસી મધુરી વાનગી આપણું આ આત્મધર્મ ઘરેઘરે પહોંચાડે છે, મુમુક્ષુઓ આનંદથી તે વાંચે છે.....તે વાંચીને, તેમાં ગુરુદેવે બતાવેલો વીતરાગમાર્ગ જાણીને આપણને ઘણો આહ્‌લાદ થાય છે, બહુમાન આવે છે.

આવા ‘આત્મધર્મ’ ની વ્યવસ્થામાં સાથ આપવો, તેનો આદર કરવો, તેની પ્રભાવના કરવી તે પણ મુમુક્ષુનું પ્રિય કામ છે. આ કાર્ય માટે આત્મધર્મ આપની પાસેથી નીચેની થોડીક અપેક્ષા રાખે છે–

આ અંક મળ્યા પછી એક જ અઠવાડીયામાં આપ આપનું લવાજમ ચાર રૂપિયા નીચેના સરનામે મોકલી આપશો– [ આત્મધર્મ કાર્યાલય, સોનગઢ, સૌરાષ્ટ્ર ]

–વિશેષ સૂચનાઓ સામે પાને ફરીથી વાંચો.

## * ચૈતન્યની ચર્ચાના ચમકારા *

* જ્ઞાન જગતનું શિરતાજ છે; જ્ઞાન આનંદનું ધામ છે.
* જ્ઞાનની અચિંત્ય મહાનતા પાસે રાગાદિ પરભાવોનું કાંઈ જોર ચાલતું નથી, જ્ઞાનથી તે સર્વે પરભાવો જુદા જ રહે છે, બહાર જ રહે છે. જ્ઞાન તો કોઈ પરભાવથી ન દબાય એવું ઉદ્ધત છે–મહાન છે. આવા જ્ઞાનપણે જ હે જીવ ! તું તને ચિંતવ.
* વાહ રે વાહ, મોક્ષમાર્ગી સંતો ! કેટલો તમારો મહિમા કરું ? તમારી ચેતનાનો અગમ અપાર મહિમા તો સ્વાનુભૂતિગમ્ય છે....એવી સ્વાનુભૂતિવડે આપનો સત્યમહિમા કરું છું. વિકલ્પ વડે તો આપના મહિમાનું માપ ક્યાં થઈ શકે છે ?
* સ્વાનુભૂતિની નિર્મળપર્યાયરૂપ માર્ગદ્વારા હે જીવ ! તું તારા ચૈતન્યના આનંદ–સરોવરમાં પ્રવેશ કર.
* જીવને સાચો સંતોષ ત્યારે જ થાય કે જ્યારે પોતાના પરમ તત્ત્વને, પોતામાં જ દેખે.... ને પરને પોતાથી ભિન્ન દેખે.
* હે જીવ ! જે કામ કરવાથી તને આત્માનો આનંદ પ્રાપ્ત થતો હોય–તે કાર્ય હમણાં જ કરી લે; તેમાં વિલંબ ન કર.
* તારા ઉપયોગને તારા અંતરમાં લઈ જા–કે તરત જ તને આનંદની અનુભૂતિ થશે. આ અનુભૂતિના પંથ જગતથી ન્યારા છે.
* 'હું કોણ ?' 'હું' એટલે જ્ઞાન ને આનંદ; હું એટલે રાગ કે શરીર નહીં.–આવી અન્તર્‌પરિણતિવડે આત્મા પ્રાપ્ત થાય છે.
* મારે મારા આત્માના જ્ઞાનસ્વભાવ સાથે કામ છે, બીજા કોઈ સાથે મારે કામ નથી. મારા સ્વભાવમાં ઊંડો ઉતરીને તેને એકને જ હું સદાય ભાવું છું, તેનો જ વારંવાર પરિચય કરું છું.
* ધર્મીને સર્વજ્ઞભગવાનનો વિરહ નથી; અંતરના સર્વજ્ઞસ્વભાવને ઓળખીને પોતે ભગવાનના માર્ગમાં આવી ગયો છે; ભગવાનને સાક્ષાત્ ભેટીને રીઝવી લીધા છે. મુમુક્ષુજીવે અંતર્મુખ થઈને વારંવાર ક્ષણેક્ષણે પરમ મહિમાપૂર્વક શુદ્ધજ્ઞાનની સમ્યક્–અનુભૂતિ કરવા જેવી છે. તે અનુભૂતિમાં જ સાક્ષાત્ ભગવાનનો ભેટો થાય છે.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૨૮૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) આસો : ( ૩૩૬ )